


અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ જુલાઈ ૨૦૨૩, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ સુદ દશમ

વર્ષ : ૧૫
અંક : ૩

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




## વડાપ્રધાન મોદીએ રાજસ્થાનમાં વિકાસ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો

# કારનામા છુપાવવા માટે વિપક્ષોએ ગઠબંધનનું નામ ઈન્ડિયા કર્યું : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

### મોદીએ રાજસ્થાનના બરતરફ કરાયેલા મંત્રી ગુડાની કથિત રેડ ડાયરીનો ઉલ્લેખ કરીને કૉંગ્રેસ પર નિશાન સાધ્યું

। સીકર, તા.૨૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના સીકર પહોંચ્યા હતાં જ્યાં તેમણે વિવિધ વિકાસ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો અને ઉદ્‌ઘાટન કર્યું હતું. આ દરમિયાન પીએમ મોદીએ વિપક્ષી ગઠબંધન ભારત પર આકરા પ્રહારો કર્યા હતા. પીએમે કહ્યું હતું કે, સિમીના નામમાં પણ ભારત હતું, તેણે તેનું નામ બદલીને પીએફઆઈ (પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા) કર્યું. આ દરમિયાન પીએમ મોદીએ લાલ ડાયરીનો પણ ઉલ્લેખ કર્યો હતો. પીએમ મોદીએ કહ્યું, વિપક્ષોએ ગઠબંધનનું નામ બદલી નાખ્યું જેથી તેઓ પોતાના કારનામા છુપાવી શકે. પીએમ મોદીએ કહ્યું હતું કે, કૉંગ્રેસ એટલે લૂંટનું બજાર. લોકશાહીમાં દરેક સરકારને તેના કામનો હિસાબ આપવો પડે છે, પરંતુ શું રાજસ્થાનમાં કૉંગ્રેસ તેના કામનો હિસાબ આપે છે? તેઓએ પરસ્પર ઝઘડામાં, સર્વોપરિતાની લડાઈમાં કિંમતી સમય વેડફ્યો.

પીએમ મોદીએ કહ્યું હતું કે, રાજસ્થાનમાં દલિતો પર અત્યાચાર ચરમ પર છે. ડ્રગ્સનો વેપાર ફૂલીફાલી રહ્યો છે. આપણા તીજના તહેવારો પર ખતરો તોળાઈ રહ્યો છે. ક્યારે પથ્થરમારો શરૂ થશે, ક્યારે ગોળીઓ વરસશે, ક્યારે કર્ફ્યુ લાદવામાં આવશે તે કોઈને ખબર નથી. રાજસ્થાનના લોકો પોતાની બહેનો અને દીકરીઓ પર થતા અત્યાચારને સહન કરી શકતા નથી. એક દલિત બહેન પર તેના પતિની સામે જ ગેંગરેપ કરવામાં આવે છે. આરોપીઓ વીડિયો બનાવે છે, પોલીસ ફરિયાદ લખતી નથી. શાળાઓમાં ભણાવતી નાની છોકરીઓ અને શિક્ષકો પણ સુરક્ષિત નથી. કૉંગ્રેસના નેતાઓ કાર્યવાહી કરવાને બદલે પીડિત મહિલાઓ પર જુઠ્ઠાણાનો આરોપ લગાવે છે. રાજસ્થાનના સીકરમાં જનસભાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજસ્થાનની ગેહલોત સરકારમાંથી બરતરફ કરાયેલા મંત્રી રાજેન્દ્ર ગુડાની કથિત રેડ ડાયરીનો ઉલ્લેખ કરીને કૉંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. પીએમ મોદીએ કહ્યું હતું કે, કૉંગ્રેસે સરકાર ચલાવવાના નામે લૂંટની દુકાન ચલાવી છે. લૂંટની આ દુકાનનું લેટેસ્ટ ઉદાહરણ રાજસ્થાનની લાલ ડાયરી છે. કૉંગ્રેસ સરકારના કાળા કામો લાલ ડાયરામાં બંધ છે. લોકોનું કહેવું છે કે, જો તેના પાના ખોલવામાં આવશે તો કૉંગ્રેસ સરકારના ડબ્બા જ ગુલ થઈ જશે.

પીએમ મોદીએ કહ્યું હતું કે, લાલ ડાયરીનું નામ સાંભળીને કૉંગ્રેસના મોટા નેતાઓની હાલત ખરાબ છે. આ ડાયરામાં કૉંગ્રેસ સરકારના કાળા કૃત્યો બંધ છે. જો તેના પાના ખોલવામાં આવે તો મોટા મોટા માથાઓ વધેરાઈ શકે છે. આ લાલ ડાયરી કૉંગ્રેસ સરકારની સઘળી પોલ ખોલીનાખશે.






## રાજકોટ-સૌરાષ્ટ્રવાસીઓને વિકાસકાર્યોની ભેટ

# પીએમ મોદીના હસ્તે રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ

### રાજકોટમાં સૌરાષ્ટ્રના પ્રથમ મલ્ટિલેવલ ઓવરબ્રિજ સહિતના વિવિધ વિકાસકાર્યોનો સમાવેશ થાય છે

। રાજકોટ, તા.૨૭ ।

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટના મહેમાન બની સૌરાષ્ટ્રવાસીઓને રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટની મોટી ભેટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનને વધાવવા રાજકોટ સહિત સૌરાષ્ટ્રવાસીઓમાં અનેરો જ થનગનાટ જોવા મળ્યો હતો. PM રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્‌ઘાટન કર્યું છે. આપને જણાવીએ કે, પ્રધનામંત્રીએ એરપોર્ટનાં ટર્મીનલ બિલ્ડીંગનું નિરિક્ષણ કરી લોકાર્પણ કર્યું છે તેમજ તેઓ બાયરોડ રેસકોર્ષ સભા પણ સંબોધવાના છે.રાજકોટમાં રૂપિયા ૨૦૩૩ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરીને રાજકોટ-સૌરાષ્ટ્રવાસીઓને વિકાસકાર્યોની ભેટ આપી છે. જેમાં હિરાસર પાસે નિર્મિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ, સૌની યોજનાની લિંક-૩ના પેકેજ ૮ તથા ૯, રાજકોટમાં સૌરાષ્ટ્રના પ્રથમ મલ્ટિલેવલ ઓવરબ્રિજ સહિતના વિવિધ વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

રાજકોટના કુવાડવા ગામ પાસે હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ બનાવવામાં આવ્યું છે. હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટને ૧૦૩૨ હેક્ટર વિસ્તારમાં વિકસાવવામાં આવ્યું છે. જેમાં ૧૪ પાર્કિંગ સ્ટેન્ડ બનાવવામાં આવ્યા છે અને પેસેન્જર ટર્મિનલ વિસ્તાર ૨૩ હજાર ચોરસ મીટરનો છે. રાજકોટના આ એરપોર્ટના રનવેની કુલ લંબાઈ ૩.૪ કિમી છે. આ નવા ગ્રીનફિલ્ડ એરપોર્ટ પર ૨૮૦થી વધુ મુસાફરોની વહનક્ષમતા અને પ્રતિ કલાક ૫,૩૭૫ કિલોમીટરની સ્પીડથી ઊડી શકે એવાં 'સી' પ્રકારનાં પ્લેન ઓપરેટ થશે. આને પગલે એરબસ (A 320-200), બોઈંગ (B 737-900) જેવાં વિમાનોની સુવિધા રાજકોટ સહિત સૌરાષ્ટ્રને મળવા લાગશે. એરપોર્ટ પર સોલાર પાવર સિસ્ટમ, ગ્રીન બેલ્ટ તથા રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ પણ લગાવવામાં આવી છે. આ એરપોર્ટ પર સમાંતર બે ટેક્સી-વે રહેશે તથા એપ્રન, રેપિડ એક્ઝિટ ટેક્સી ટ્રેક, ટર્મિનલ બિલ્ડિંગ, કાર્ગો, MRO/ હેન્ગર્સની સુવિધા પણ ઉપલબ્ધ થશે. એરપોર્ટ પર સાત બોર્ડિંગ ગેટ હશે, જેમાંથી ત્રણ એરોબ્રિજ હશે અને ત્રણ કન્વેયર બેલ્ટ હશે. એરપોર્ટ આંતરરાષ્ટ્રીય હોવાથી બે કસ્ટમ કાઉન્ટર સાથે ૮ ઈમિગ્રેશન કાઉન્ટર હશે.





### ભ્રષ્ટાચાર અને પરિવારવાદવાળાઓએ પોતાની જમાતનું નામ બદલી નાખ્યુ : મોદીનો લલકાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતના પ્રવાસે છે. જેમણે અહીં ટર્મિનલ બિલ્ડિંગ ખાતેથી રૂપિયા ૧૪૦૫ કરોડના ખર્ચે નિર્મિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદઘાટન કરીને જનતાને સમર્પિત કર્યું છે. ત્યાર બાદ વડાપ્રધાને આ એરપોર્ટના રન વે, ટર્મિનલ સહિતની કામગીરીનું નિરિક્ષણ પણ કર્યું હતું. જે બાદમાં તેઓ રાજકોટમાં રેસકોર્સ ખાતે જનસભાને સંબોધન કર્યું છે. આ પ્રસંગે જણાવ્યું હતું કે, આજે રાજકોટ સાથે સાથે ગુજરાત માટે મોટો દિવસ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, આ એરપોર્ટથી ઉદ્યોગોને ખૂબ લાભ થશે. વધુમાં કહ્યું કે, અમે સુશાનની ગેરેન્ટી આપી હતી તે પૂરી કરી રહ્યાં છીએ તેમજ ગરીબ હોય, દલીત હોય કે આદીવાસી હોય જે તમામનું જીવન સારૂ બનાવવા માટે સતત કામ કર્યું છે. તેમણે કહ્યું કે અમારી સરકારના પ્રયાસોથી દેશમાં ગરીબી ઓછી થઈ રહી છે. હમણા આવેલા રિપોર્ટ મુજબ અમારી સરકાના પાંચ વર્ષોમાં ૧૩.૫ કરોડ લોકો ગરીબીથી બહાર નીકળ્યા છે. PM મોદીએ જણાવ્યું હતું કે, ભ્રષ્ટાચાર અને પરિવારવાદ વાળાઓએ પોતાની જમાતનું નામ બદલી નાખ્યું છે પરંતુ તેમનો ઈરાદો આજે પણ એજ છે વધુમાં ઉમેર્યું કે, ખેડૂતોને વધુ ભાવ મળે તો કહે છે મોંઘવારી છે.

## અમદાવાદમાં ૩૫ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો

| અમદાવાદ, તા.૨૭ |

અમદાવાદમાં ચોરની કરામત જોઈને ખુદ પોલીસ પણ ઘણી વખત ચોંકી જતી હોય છે. આવી જ એક ચોરીની ગજબ ટેકનિકનો પર્દાફાશ ગણતરીના દિવસોમાં બોડકદેવ પોલીસે કરતાં બે રીઢા ચોરની ધરપકડ કરી લીધી છે. થલતેજમાં થોડા દિવસ પહેલાં થયેલી ૩૫ લાખની મતાની ચોરીનો ભેદ બોડકદેવ પોલીસે ઉકેલી દીધો છે. ઝડપાયેલા બંને ચોરની ખાસિયત એ હતી કે એક જ ડિસમિસથી તે લોખંડની જાળી, તિજોરી, દરવાજા, મિજાગરા સહિતની ચીજવસ્તુઓ તોડી નાખતા હતા. ૩૫ લાખની ચોરી કરવા માટે બંને ચોરે એક જ ડિસમિસનો ઉપયોગ કર્યો છે. બોડકદેવ પોલીસે થલતેજમાં થયેલી ચોરીના કેસમાં બે આરોપીઓની ધરપકડ કરી છે. બે આરોપીઓ પૈકી એક ઉદયપુરનો રહેવાસી છે અને બીજો આરોપી વેજલપુરનો રહેવાસી છે. બંને મિત્રો હોવાના કારણે ઉદયપુરમાં રહેતો યુવક બસથી અમદાવાદ આવ્યો હતો, જ્યાં વેજલપુરમાં રહેતો યુવક તેને બાઈક પર લેવા ગયો હતો.

## રેલવે ટ્રેક પર ગુડ્સ ટ્રેનની અડફેટે આવતા ૨ સિંહોના મોત નીપજ્યા

| અમરેલી, તા.૨૭ |

રાજુલાથી પીપાવાવ પોર્ટ નજીક આવેલા રેલવે ટ્રેક પર ગુડ્સ ટ્રેનની અડફેટે આવતા ૨ સિંહોના મોત નીપજ્યા હતા. આ ઘટનાના સમગ્ર રાજ્યમાં ઘેરા પડઘા પડ્યા છે. રાજ્યકક્ષાના વનમંત્રીએ તપાસના આદેશ આપ્યા બાદ વનવિભાગની ટીમ રેલવે ટ્રેક પર તપાસ હાથ ધરી. DCF કક્ષાના અધિકારીઓ સહિતનાએ ટ્રેક પર તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહીની માહિતી લીક ન થાય તે માટે મીડિયાને દૂર રાખવામાં આવ્યુ હતુ. સિંહોને બચાવવા કરોડોના ખર્ચે ફેન્સિંગ નાખ્યા હોવા છતા સિંહો ટ્રેક પર કેવી રીતે આવી ગયા તે મોટો સવાલ છે. રેલવેકર્મીઓ દ્વારા એવો દાવો કરાઈ રહ્યો છે કે તાઉતે વાવાઝોડા સમયે આ ફેન્સિંગ ક્ષતિગ્રસ્ત થઈ હતી, જો કે બાદમાં તેનું રિપેરિંગ કરવામાં આવ્યુ હતુ. ત્યારે જો ફેન્સિંગનું સમારકામ થઈ ગયુ હતુ તો સિંહો રેલવેટ્રેક પર શું ઉડીને આવ્યા તેવો સવાલ અહીંના સ્થાનિકો પણ કરી રહ્યા છે.

# પૂરતાં દસ્તાવેજો હોવા છતાં રિજેક્ટ થઈ રહ્યા છે વિઝા

| અમદાવાદ, તા.૨૭ |

કોરોનાના કારણે અમેરિકાના વિઝાની કામગીરીને ઘણી અસર થઈ છે. હાલમાં અમેરિકાની દરેક વિઝાની કેટેગરીમાં વિલંબ ચાલે છે અને બેકલોગ સર્જાયો છે. અમેરિકન એમ્બસી અને કોન્સ્યુલેટને આ મુદ્દે કેટલીય ફરિયાદો મળી છે. કોરોનાના લીધે વિઝા ઈન્ટરવ્યૂનો વેઈટિંગ સમય ખૂબ જ વધી ગયો હતો અને તેના લીધે હજારોની સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ અને નોકરી શોધનારાઓ અટવાઈ પડ્યા હતા. જોકે, થોડા સમય પહેલા જ અમેરિકા દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે, ૨૦૨૩માં તેઓ મોટી સંખ્યામાં ભારતીયોની વિઝા અરજી પ્રોસેસ કરશે. વર્ક વિઝા માટેનો વેઈટિંગ પીરિયડ ઘટ્યો છે પરંતુ બિઝનેસ કે ટ્રાવેલ વિઝા મેળવવામાં હજી પણ ઘણો વિલંબ થાય છે. વિઝા અપોઈન્ટમેન્ટ મેળવવામાં વાર લાગે છે ઉપરાંત વિઝા રિજેક્શનનો દર પણ ઊંચો છે, જેના લીધે કેટલાય ગુજરાતીઓને તેમના અમેરિકા ફરવા જવાના પ્લાન રદ કરવા



પડ્યા છે અથવા તો મુલતવી રાખ્યા છે. અમેરિકાના વિઝિટર વિઝા અથવા બિઝનેસ વિઝા માટે અરજી કરનારને વહેલામાં વહેલી અપોઈન્ટમેન્ટ પણ ૨૦૨૪ની મળે છે. શેંગેન અને કેનેડાના વિઝાની અપોઈન્ટમેન્ટ ૪૫થી ૬૦ દિવસમાં મળી જાય છે પરંતુ તેમાં રિજેક્શનનો દર ખૂબ વધારે છે. અમદાવાદના વ્યવસાયી દીપક દેસાઈએ પોતાની વ્યથા ઠાલવતાં કહ્યું, મેં મારા કઝિન સાથે સપ્ટેમ્બરમાં યુરોપ ફરવા જવાનો પ્લાન બનાવ્યો હતો. અમારી ચાર જણાંની સિંગલ ટિકિટ હતી અને ફરવાના સ્થળો પણ કોમન હતા. બધા જ જરૂરી દસ્તાવેજો પૂરા પાડવા છતાં મારી વિઝા એપ્લિકેશન રિજેક્ટ કરવામાં આવી. જેથી મારા યુરોપ ફરવાના પ્લાન પર પાણી ફરી વળ્યું. વિઝા અરજી શા માટે રિજેક્ટ કરી તેનું કોઈ સ્પષ્ટ કારણ આપ્યું નથી. હું ફરીથી અરજી કરીશ અને આશા રાખું છું કે આ વખતે વિઝા મળી જાય જેથી હું ટ્રાવેલ કરી શકું. હોસ્પિટાલિટી સેક્ટરના બિઝનેસમેનની કેનેડાની વિઝા એપ્લિકેશન પણ રિજેક્ટ કરવામાં આવી હતી. તેમણે કહ્યું, ૧૫ જુલાઈએ અમારા દીકરાનું યુનિવર્સિટી કોન્વોકેશન હોવાથી હું અને મારી પત્ની કેનેડા જવાના હતા.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની બે દિવસીય મુલાકાત અંતર્ગત અમદાવાદ પધાર્યા ત્યારે અમદાવાદ એરપોર્ટ પર રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમનું ઉષ્માસભર સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે નવસારીના સાંસદ અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ, પ્રોટોકોલ રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદ શહેરના મેયર કિરીટ પરમાર, રાજ્યના મુખ્ય સચિવ રાજ કુમાર, જીએડીના અધિક મુખ્ય સચિવ કમલ દાયાણી, રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય, અમદાવાદના ઇન્ચાર્જ પોલીસ કમિશનર પ્રેમવીર સિંહ, કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. સહિત વરિષ્ઠ અધિકારીઓ અને અફસરોએ પણ વડાપ્રધાનનું અભિવાદન કરી તેમને આવકાર્યા હતા.

### મહિલાઓ રાજાશાહી વખતથી આ કામની પરંપરા જળવાઈ રહી છે

# એકમાત્ર એવું ગુજરાતનું રેલવે સ્ટેશન જ્યાં મહિલાઓ કરે છે કુલીનું કામ

### ભાવનગર રેલવે સ્ટેશન પર અંદાજે ૧૩ મહિલાઓ કુલી તરીકે કામ કરી રહી છે, જેમાં ઘણી મહિલાઓ એવી પણ છે જેમની પાસે કુલીનું બેઝ પણ છે

| અમદાવાદ, તા.૨૭ |

છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભાવનગર રેલ ટર્મિનલમાં ઘોડાગાડી અને ત્યારબાદ ઓટો રિક્ષાઓએ સ્થાન લીધું હતું. ભાવનગરમાં રેલવેની શરૂઆત ભાવનગર રાજ્યના મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ કરેલી છે. આ રેલવે સ્ટેશન પર રાજવી કાળથી મહિલાઓને કુલી તરીકે રોજગાર મળી રહે તે હેતુથી રાખવામાં આવેલા છે. આ મહિલા કુલીઓ માટે બેઝની વ્યવસ્થા કરી આપી હતી. બેઝ તરફથી પછીની પેઢી પણ રોજગારી મેળવી પરંપરાને જાળવી રાખી હતી અને આજ દિન સુધી આ પરંપરા ચાલી રહી છે. ભાવનગર રેલવે સ્ટેશન કે જ્યાં અસંખ્ય રેલ મુસાફરો આવન-જાવન કરતા હોય છે. આ રીતે ચાલી આવતું કામ વર્ષોથી ભાવનગરના રેલવે સ્ટેશન પર મહિલા કુલીઓ દ્વારા મજુરી કામ ચાલતું આવ્યું છે. લાખો મુસાફરોના સામાનને આ મહિલા કુલીઓ રેલવે પ્લેટફોર્મ પરથી લઈ ઓટો રીક્ષા સુધી યથા યોગ્ય રીતે પહોંચાડી આપે છે. આ ભાવનગર શહેરના રેલવે સ્ટેશને કુલી તરીકે કાર્યરત મહિલાઓ ભાવનગરની એક અનોખી ઓળખ છે. આ ઓળખને અકબંધ રાખવા ભાવનગરની મહિલાઓ કટિબદ્ધ હોય તેમ આ મહિલાઓ રાજાશાહી વખતથી આ કામની પરંપરા જળવાઈ રહી છે. ભાવનગર રેલવે સ્ટેશન પર





ખાસ કરીને સાપ્તાહિક ટ્રેન આવે અને જાય ત્યારે ખાસ મજૂરી મળી રહેતી હોય છે. આ સ્ટેશન પર એવી પણ મહિલાઓ છે જેમને પહેલાના સમયમાં ૨૫ પૈસા, ૫૦ પૈસા અને એક રૂપિયામાં પણ મજૂરી કામ કરી ગયેલ છે. આજના સમયમાં સ્ટેશન પર કુલી તરીકે કામ કરતી મહિલાઓને ૩૦થી ૪૦ રૂપિયા મજૂરી મુસાફરો પાસેથી મળી રહે છે. આજે ૩૦થી ૪૦ રૂપિયા સુધીની મંજૂરી મેળવીને આ કુલી મહિલાઓ પોતાના પગભર છે. કોઈ દિવસ અપૂરતી મજૂરી મળતી હોવા છતાં પણ નિરાશ થયા નથી. આ ઉપરાંત રેલવે સ્ટેશન પર કામ કરતી મહિલા કુલી તરફથી માનવતાના દર્શન પણ નજરે પડે છે. કોઈ પરિવાર પાસે કુલીને આપવાના પૈસા પૂરતા ન હોય તો તે જે પૈસા મજૂરી પેટે આપે તે લઈ ખુશ થઈ જાય છે. જેમાં ૪ મહિલા તો એવા છે જે ૩૦-૪૦ વર્ષથી કુલીનું કામ કરીને પોતાના પરિવારનું જીવન નિર્વાહ ચલાવી રહી છે. આ મહિલાઓ એક ખાસ આદિજાતિ એટલે કે, ભોય તરીકે જાતિના આ લોકો રજવાડાના સમયથી કામ કરતા રહ્યા છે. ભાવનગર રેલવે સ્ટેશનની મહિલા કુલી તરીકે કામ કરતી આ મહિલાઓની એક માંગ સરકાર પાસે છે કે, હાલમાં મોટાભાગના મહિલા કુલીઓ પાસે બેઝ નથી. તેમને આ બેઝ માટે મુખ્યમંત્રી સુધી પણ પોતાની રજૂઆત અગાઉ કરવામાંઆવી હતી પરંતુ હજી સુધી આ કુલી મહિલાઓને બેઝ મળ્યા નથી. તેમજ ભાવનગર રેલવે સ્ટેશન પર માત્ર એક મુંબઈ જતી લાંબા અંતરની ટ્રેન બાંદ્રા એક જ હોવાથી મુસાફરોની સંખ્યા ઓછી જોવા મળે છે. તેથી તેમણે મજૂરી પણ ઓછી મળે છે.

### બ્રિજ અકસ્માત મામલે મહત્વની અપડેટ સામે આવી

# અમદાવાદ ગ્રામ્યકોર્ટમાં પ્રજ્ઞેશ પટેલે જામીન અરજી દાખલ કરી

### પોલીસ દ્વારા આરોપી તથ્ય પટેલ, તેના પિતા પ્રજ્ઞેશ પટેલ સહિત ૫૦થી વધુ લોકોના નિવેદન લેવામાં આવ્યા છે

| અમદાવાદ, તા.૨૭ |

અમદાવાદના હચમચાવી નાખનારા ઈસ્કોન બ્રિજ અકસ્માત મામલે મહત્વની અપડેટ સામે આવી છે. આરોપી તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલે જામીન માટે અરજી કરી છે. આપની જણાવીએ કે, અમદાવાદ ગ્રામ્યકોર્ટમાં પ્રજ્ઞેશ પટેલે જામીન અરજી દાખલ કરી છે. તો બીજી તરફ તથ્ય પટેલ સામે કાયદાનો ગાળિયો વધુ મજબૂત કરવા માટે પોલીસે પણ ઘણા પુરાવાઓ એકત્ર કર્યા છે. પોલીસ દ્વારા આરોપી તથ્ય પટેલ, તેના પિતા પ્રજ્ઞેશ પટેલ સહિત ૫૦થી વધુ લોકોના નિવેદન લેવામાં આવ્યા છે. ખાસવાત વાત એ છે કે, જામીન માટે કરેલી અરજી પર કોર્ટે શું ફેંસલો લે છે તે મહત્વનું છે. ઈસ્કોન બ્રિજ અકમાત કેસ મામલે તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલે જામીન માટે અરજી કરી છે.

અમદાવાદ ગ્રામ્યકોર્ટમાં પ્રજ્ઞેશ પટેલે જામીન અરજી દાખલ કરી છે જે મામલે આવતીકાલે પ્રજ્ઞેશ પ ટેલની જામીન અરજી પર સુનાવણી હાથ ધરાશે. હત્યારા તથ્ય સાથે તેના પિતાને પણ જેલહવાલે કરાયા હતા તેમજ તથ્યએ જામીન ન માગ્યા પણ પિતાનો જેલમાંથી છૂટવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પોલીસે અકસ્માત કેસમાં કલમ ૩૦૮ પણ દાખલ કરી છે. ઈસ્કોન બ્રિજ અકસ્માત મામલે પોલીસે ૫ હજાર પેજની ચાર્જશીટ તૈયાર કરી છે. આ ૫ હજાર પેજની ચાર્જશીટ પોલીસ આજે કોર્ટમાં ફાઈલ કરશે. ટ્રાફિક-પોલીસ દ્વારા અત્યાર સુધીમાં રજૂ કરવામાં આવેલી આ સૌથી ઝડપી ચાર્જશીટ છે. ઈસ્કોન બ્રિજ અકસ્માત બાદ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ૧ અઠવાડિયામાં ચાર્જશીટ થશે તેવું કહ્યું હતું. ત્યારે એવું કહેવામાં આવી રહ્યું છે કે, પોલીસ આજે ચાર્જશીટ ફાઈલ કરી શકે છે. ચાર્જશીટ થયા બાદ તથ્યનો કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવશે.

## વિશેષ લેખ

### ખેડા જિલ્લાના ઉતરસંડા ગામની રાષ્ટ્રીય સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૩ માટે પસંદગી

# સ્વચ્છતા અને પર્યાવરણ સંવર્ધન તેમજ વોટર ટ્રીટમેન્ટ સહિતના માપદંડોમાં શ્રેષ્ઠ કામગીરી દ્વારા ગ્રામજનોના જીવનધોરણ સુદ્રઢ બન્યા

### સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૩ અંતર્ગત ગુજરાતના ૧૯ ગામો પૈકી ખેડા જિલ્લાના ઉત્તરસંડા ગામની પસંદગી

ખેડા જિલ્લાનું ઉત્તરસંડા ગામે વિકાસના વિવિધ આયામોમાં નક્કર કામગીરી દ્વારા તાજેતરમાં જ આદર્શ ગામ બન્યું છે. તાજેતરમાં ગુજરાતના ૧૬ જિલ્લાઓના ૩૫ સ્માર્ટ વિલેજો પૈકી એક સ્માર્ટ વિલેજ તરીકે જાહેર થયેલ ઉત્તરસંડા ગામે ફરી એક વાર વિકાસના વિવિધ માપદંડો પૈકી એક સ્વચ્છતામાં સિદ્ધિ હાંસિલ કરી છે. રાષ્ટ્રીય સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૩ પ્રતિયોગીતામાં ગુજરાતની રાજ્યની ૧૯ મોડેલ ગ્રામ પંચાયતો પૈકી ઉત્તરસંડા ગામની પસંદગી કરવામાં આવી છે. જે અંતર્ગત ૧૫ ઓગસ્ટ સુધીમાં કેન્દ્રની ટીમ ઉત્તરસંડા ગામની મુલાકાત લઈ સ્વચ્છતા મૂલ્યાંકન કરશે.

ગ્રામજનોના જીવનધોરણને સુદ્રઢ બનાવવા હેતુ ઉત્તરસંડા ગામમાં સ્વચ્છતા, પર્યાવરણ સંવર્ધન અને વોટર ટ્રીટમેન્ટ સહિતના વિવિધ માપદંડોમાં શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી છે. ગામની ભવિષ્યની પેઢીના તંદુરસ્ત સ્વાસ્થ્યની જાળવણી કરવા હેતુ તાજેતરમાં જ ઉત્તરસંડા ગ્રામ પંચાયત દ્વારા મનરેગા હેઠળ ગામની ૧૪ વિઘા પડતર જમીનને લેવલ કરાવીને તેમાં ૧૦,૦૦૦ નિલગીરી અને ૧૩,૦૦૦ અરડુસી એમ કુલ ૨૩,૦૦૦ છોડનું વાવેતર કરવામાં આવ્યું છે. આ તમામ છોડની સુરક્ષા સુનિશ્ચિત કરવા તેના ફરતે તાર ફેન્સીંગ કરવામાં આવ્યું છે.

કચરા નિકાલ માટે ઉત્તરસંડા ગામમાં સુંદર વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અહીં નિયમિત પણે ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવામાં આવે છે. ખાસ કરીને ગામનાં દાતાઓ દ્વારા ઘન કચરા વ્યવસ્થાપન કરવા પંચાયતને એક ટ્રેક્ટર અને બે છોટા હાથી ટ્રિપરની ફાળવણી કરાઈ છે. જેથી ગામમાં દૈનિક ધોરણે ઘરે ઘરે થી કચરાનું કલેક્શન અને ગામની તમામ સામુહિક જગ્યાઓ ઉપર સાફ સફાઈ કરવામાં આવે છે. કચરાને ડમ્પીંગ સાઈટ ઉપર સેગ્રીગેશન શેડમાં અલગ કરી, કચરાનું વિભાજન કરાય છે. આ કામગીરી કરવા ગ્રામ પંચાયતમાં ૩૦ જેટલા સફાઈકર્મી તેનાત કરવામાં આવ્યા છે. જે ગામની સફાઈ કરી ગામને સ્વચ્છ રાખવામાં પોતાનું યોગદાન આપી રહ્યા છે.

ઉતરસંડા ગામમાં ૧૦૦% કુટુંબોને ગટર લાઈનની સુવિધા ધરાવે છે. દૂષિત પાણીના શુદ્ધિકરણ માટે નડિયાદ તાલુકાનો સૌ પ્રથમ ગ્રે વોટર પ્લાન્ટ પણ ઉત્તરસંડામાં નાખવામાં આવ્યો છે. ૮ લાખના ખર્ચે નિર્માણ પામેલા આ ગ્રે વોટર પ્લાન્ટમાં ગામમાંથી આવતા ગટરના પાણીનું શુદ્ધિકરણ કરવામાં આવે છે. આ શુદ્ધ થયેલ પાણીને ફરીથી ખેતી માટે, પશુઓ અને વૃક્ષો માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ઉપરાંત ગ્રે વોટર પ્લાન્ટની પાસે જ કચરામાંથી પ્લાસ્ટીક છુટું પાડવા માટે સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત રૂ. ૮૫,૦૦૦ ના ખર્ચે એક સેગ્રીગેશન શેડ પણ કાર્યરત છે. ગામ લોકોને શુદ્ધ પાણી આપવા માટે નિયમિત રીતે પીવાના પાણીને ઓટો પ્લાન્ટ વડે ક્લોરિફિકેશન કરવામાં આવે છે. તથા આગામી સમયમાં સોલર સિસ્ટમથી સમગ્ર ગામમાં વિજળી આપવાનુ પણ આયોજન છે.

ઉપરાંત સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત ઉત્તરસંડા ગ્રામ પંચાયતને ઓડીએફ પ્લસ (Open Defecation Free) આદર્શ ગ્રામ પંચાયત તરીકે પંચાયતે ઘન અને પ્રવાહી કચરાનો કાયમી નિકાલ કરી સાર્વત્રિક સ્વચ્છતા સાથે ખુલ્લામાં શૌચમુક્તિના






કામ આદરવામાં આવ્યા છે. જેના કારણે ખેડા જિલ્લામાં પ્રથમવાર સ્વચ્છ ભારત મિશન અંર્તગત ગુજરાત સરકારે ઉત્તરસંડાને આદર્શ ગ્રામ પંચાયત તરીકેની પસંદગી કરી કેન્દ્ર સરકારમાં મોકલેલ છે. ઉત્તરસંડા ઘરદીઠ શૌચાલય ધરાવતું ગામ હોવા સાથે ૩ સામૂહિક શૌચાલય પણ છે. જેના કારણે ગામમાં ૧૦૦% શૌચાલયોનો ઉપયોગ થઈ રહ્યો છે.

પાણીના સંચય માટે ગામમાં વિવિધ સ્થળોએ શોક પીટ તથા આંગણવાડી કેન્દ્રમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ અંતર્ગત વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. તથા આગામી સમયમાં સોલર સિસ્ટમથી સમગ્ર ગામમાં વિજળી આપવાનું પણ આયોજન છે. આમ સ્વચ્છતાની સાથે સાથે ઉત્તરસંડા પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધન થકી ગ્રીન ગ્રોથનું પણ ઉત્તમ ઉદાહરણ બન્યું છે. નવી પેઢીના બાળકોમાં સ્વચ્છતાના મહત્વને લઈ નાનપણથી જ સભાનતા કેળવાય એ હેતુથી ઉત્તરસંડાની આઈ. જે. પટેલ હાઈસ્કુલમાં સેનિટરી ડિસ્પોઝબલ મશીનની પણ વ્યવસ્થા છે અને ગ્રામ પંચાયત દ્વારા શાળાની બાળોઓને મફતમાં સેનિટરી કીટનું પણ વિતરણ કરવામાં આવે છે.

ઉત્તરસંડા ગામમાં કરવામાં આવતા કાર્યોની વાત કરતા ગ્રામ સરપંચ શ્રી ઈશિત પટેલ જણાવે છે કે સરકાર અને જનભાગીદારીના સુમેળ સહયોગથી રોડ, રસ્તા, પાણી અને કચરો નિકાલ જેવી માળખાકીય સવલતો સારી બની છે. નલ સે જલ યોજના અંતર્ગત તમામ ઘરોમાં નિયમિત પાણી પહોંચાડવામાં આવે છે. મનરેગા હેઠળ તળાવ ઉંડુ કરાવવાની કામગીરી ઉપરાંત આ ગામના દાતાઓના સહયોગથી બે તળાવના બ્યુટીફિકેશન કરવામાં આવ્યા છે. નવા જાહેર શૌચાલયો બનાવી જાહેર જનતા માટે વપરાશમાં મુકેલા છે તથા પ્લાસ્ટિક મુક્ત ભારત બનાવવાની દિશામાં નવા બનાવેલ શાક માર્કેટમાં લોકોને પ્લાસ્ટિકનો વપરાશ ઓછો કરવાનો સંદેશો આપવા માટે ૧૫ દિવસ સુધી ગ્રામ પંચાયત દ્વારા બાયો - ડિગ્રેડેબલ બેગનું વિતરણ કર્યુ હોવાનું શ્રી ઈશિતભાઈ જણાવે છે. તથા ઉત્તરસંડા ગ્રામ પંચાયતને પણ સોલર સિસ્ટમ દ્વારા કાર્યરત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૩ અંતર્ગત કેન્દ્રમાંથી નેશનલ ટીમ પસંદગી પામેલા ગામની મુલાકાત લઈ પંચાયત, શાળા, આંગણવાડી, શૌચાલય, આરોગ્ય કેન્દ્ર જેવા જાહેર સ્થળોની પ્રત્યક્ષ મુલાકાત લઈ મુલ્યાંકન કરવામાં આવશે. સાથે સાથે કચરા નિકાલની વ્યવસ્થાનું નિરિક્ષણ કરી ગ્રામજનો પાસેથી સ્વચ્છતાની કામગીરીના પ્રતિભાવો પણ લેવામાં આવશે.

## ન્યુઝ બોક્ષ



### ભારતે પાકિસ્તાન સાથે આર્થિક સબંધ સુધારવા ભલામણ કરાઈ

। નવી દિલ્હી, તા.૨૭ ।

સંસદીય સમિતિએ સરકારને ફરી એકવાર પાકિસ્તાન સાથે આર્થિક સંબંધો સુધારવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમણે કહ્યું કે ભારત-પાકિસ્તાને સાંસ્કૃતિક સમાનતા અને સભ્યતાઓને કારણે કનેક્ટિવિટી વધારવાની દિશામાં કામ કરવું જોઈએ. વિદેશ બાબતોની સંસદીય સ્થાયી સમિતિએ લોકસભામાં ભારતની નેબરહૂડ ફર્સ્ટ નીતિ પર ધ્યાન કેન્દ્રિત કરતો અહેવાલ રજૂ કર્યો હતો. આ સમિતિનું નેતૃત્વ ભાજપના નેતા પીપી ચૌધરી કરી રહ્યા છે. લોકસભામાં રજૂ કરાયેલા અહેવાલમાં સમિતિએ કહ્યું કે આ ગતિશીલ નીતિ છે. રિપોર્ટમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે સમિતિ સરકારને વિનંતી કરે છે કે જો પાકિસ્તાન પહેલ કરે તો તેની સાથે આર્થિક સંબંધો સ્થાપિત કરવા જોઈએ. બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક સમાનતા છે. બંને દેશોના નાગરિકો વચ્ચે કોઈ દુશ્મનાવટ નથી, જેના કારણે આપણે કનેક્ટિવિટી વધારવા દિશામાં કામ કરી શકીએ છીએ. પાકિસ્તાનમાં ચીની બેલ્ટ અને તેના રોડ વિઝનની સાથે અમેરિકા પણ પાકિસ્તાનમાં રસ દાખવી રહ્યું છે. તેથી, સમિતિ વિસ્તૃત રીતે જણાવે છે કે નાના પડોશીઓ સાથે વ્યાપક જોડાણ અને સંબંધોને ગાઢ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું ભારતના હિતમાં છે. તેનાથી વ્યૂહાત્મક હિતો અને વિદેશ નીતિઓને સરળ બનાવી શકાય છે. પાકિસ્તાન સાથેના તણાવનું મુખ્ય કારણ આતંકવાદ છે. જોકે, સમિતિનું કહેવું છે કે વાતચીત ફળદાયી બને તે માટે અનુકૂળ વાતાવરણ બનાવવાની જવાબદારી ઈસ્લામાબાદની છે. સમિતિએ કહ્યું કે સરકારે પાકિસ્તાન સાથે પ્રાદેશિક અને બહુપક્ષીય સ્તરે જોડાણ કરવું જોઈએ, જેથી આતંકવાદ સામેની લડાઈમાં પાકિસ્તાનને સમર્થન મળી શકે.

### સીકરમાં વડાપ્રધાનની મુલાકાત પર રાજકારણ

# વડાપ્રધાનની સીકર મુલાકાત પર કેન્દ્ર અને રાજ્યના આરોપ-પ્રત્યારોપ

**રાજસ્થાનના મુખ્યમંત્રી ગેહલોતે મોદીના કાર્યક્રમમાં ત્રણ મિનિટના ભાષણ હટાવાયું હોવા અંગેની ફરિયાદ કરી**

। નવી દિલ્હી, તા.૨૭ ।

સીકરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પહેલા જ રાજસ્થાનમાં રાજકારણ ગરમાયું હતું. મુખ્યમંત્રી અશોક ગેહલોત અને વડાપ્રધાન કાર્યાલય વચ્ચે ટ્વિટર પર આરોપ-પ્રત્યારોપનો દોર ચાલી રહ્યો હતો. ગેહલોતે પીએમ મોદીના કાર્યક્રમમાં ત્રણ મિનિટના ભાષણ હટાવાયાની ફરિયાદ કરી હતી. ટ્વિટર પર જ પીએમનું સ્વાગત કરતાં તેમણે પોતાની છ માંગણીઓ પણ મૂકી. જો કે, ટૂંક સમયમાં જ પીએમઓદ્વારા ગેહલોતના આરોપો પર જવા આપતા જણાવ્યું કે, સીએમઓ ઓફિસ રાજસ્થાન દ્વારા જ એવું કહેવામાં આવ્યું હતું કે, તેઓ હાજર રહી શકશે નહીં. ગેહલોતની ફરિયાદના જવાબમાં પીએમઓએ કહ્યું કે, પ્રોટોકોલ મુજબ, તમને




આમંત્રણ આપવામાં આવ્યું હતું અને ભાષણ માટે એક સ્લોટ પણ આપવામાં આવ્યો હતો. પરંતુ સીએમઓઓફિસ તરફથી કહેવામાં આવ્યું કે, તમે આવી શકશો નહીં. પીએમઓએ એમ પણ કહ્યું કે, પીએમ મોદીના અગાઉના કાર્યક્રમોમાં પણ તેમને હંમેશા આમંત્રણ આપવામાં આવ્યું છે અને તેઓ આવે છે. પીએમઓએ એમ પણ કહ્યું હતું કે, તાજેતરની ઈજાને કારણે આવવામાં કોઈ મુશ્કેલી ન હોય તો તે આવી શકે છે. વડાપ્રધાન કાર્યાલયે કહ્યું કે, આજના કાર્યક્રમમાં તમારું પણ સ્વાગત છે. વિકાસના કામોની તકતી પર પણ તમારું નામ છે. જો તમારી તાજેતરની ઈજાને કારણે તમને આવવામાં વાંધો ન હોય તો તમારી હાજરી મહત્વપૂર્ણ રહેશે.

આ પહેલા મુખ્યમંત્રી અશોક ગેહલોતે ટ્વિટર પર પીએમ મોદીને ફરિયાદ કરી હતી કે, પીએમઓએ તેમના ભાષણની તક છીનવી લીધી છે. તેણે ટ્વીટ કર્યું, 'આજે તમે રાજસ્થાન આવી રહ્યા છો ત્યારે પીએમઓએ કાર્યક્રમમાંથી મારું પૂર્વ નિર્ધારિત ૩ મિનિટનું ભાષણ હટાવી દીધું છે, તેથી હું ભાષણ દ્વારા તમારું સ્વાગત કરી શકીશ નહીં, તેથી હું આ ટ્વિટ દ્વારા રાજસ્થાનમાં તમારું હાર્દિક સ્વાગત કરું છું. ગેહલોતે એમ પણ કહ્યું કે, રાજસ્થાન સરકાર ૧૨ મેડિકલ કોલેજોમાં પણ યોગદાન આપી રહી છે.

### કોંગ્રેસના અધ્યક્ષે મોદી પર નિશાન તાક્યું

## વડાપ્રધાન મોદી મણિપુર હિંસા મુદ્દે સંસદમાં કેમ નથી બોલતા

। નવી દિલ્હી, તા.૨૭ ।

કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાઅર્જુન ખડગેએ ગુરુવારે વડાપ્રધાન મોદી સામે નિશાન તાકતાં કહ્યું કે મણિપુર હિંસા મુદ્દે સંસદમાં બોલવા મુદ્દે પીએમ મોદી કેમ ખચકાય છે? આ તો લોકતંત્રનું મંદિર છે. તેમની પાસે દેશભરમાં રાજકીય ભાષણો આપવા માટે પૂરતો સમય છે પણ સંસદમાં બોલવાનો નથી. આ લોકતંત્રને બગાડી રહ્યું છે. ખડગેએ પીએમ મોદી સામે પ્રહાર કરવાનું ચાલુ રાખતાં કહ્યું કે મણિપુરના લોકોનો અવાજ સરકારને સંભળાઈ રહ્યો નથી, આ એક માનવતા પર કલંક સમાન બાબત છે. ખડગેએ ટ્વિટ કરતાં કહ્યું કે મણિપુરનું સળગવું એ દેશ માટે એક કાળો અધ્યાય છે. જે સરકારે ગત ૮૫ દિવસોથી મણિપુરના લોકોની પીડા પર ધ્યાન નથી આપ્યું તે માનવતા પર કલંક જ છે. કોંગ્રેસ અધ્યક્ષે પીએમ મોદીને ઘેરતાં કહ્યું કે સંસદમાં સત્ર ચાલી રહ્યું છે અને વડાપ્રધાન ગૃહમાં બોલવાની જગ્યાએ વિવિધ જગ્યાઓ પર જઈને ભાષણો આપી રહ્યા છે. આ લોકતંત્રને કલંકિત કરે છે. તેમણે કહ્યું કે વિપક્ષને ગાળો આપી, મોદી સરકારના કુકર્મોને મિટાવી નહીં શકાય. ફક્ત દલિતો, જનજાતિ અને પછાતવિરોધી લોકો જ કાળા કપડાની મજાક ઉડાવે છે પણ અમારો કાળો રંગ વિરોધ અને શક્તિનો પ્રતીક છે.

### ૭૫ વર્ષની વ્યક્તિની વિદાય માટે ૨૫ લોકોએ જીવ જોખમમાં મૂક્યો

। હૈદ્રાબાદ, તા.૨૭ ।

પૂરથી ખેદાન મેદાન થઈ ચૂકેલા તેલંગાણાના એક ગામમાં ઓછામાં ઓછા ૨૫ લોકોએ એ સુનિશ્ચિત કરવા માટે તેમનો જીવ જોખમમાં મૂક્યો કે એક ૭૫ વર્ષીય વ્યક્તિને સન્માનજનક વિદાય આપી શકે. એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં લોકોના એક સમૂહને શબને ઊઠાવીને પૂરગ્રસ્ત નહેરમાં ઝડપથી વહેતા પાણી વચ્ચેથી પસાર થતાં શ્મશાન ઘાટ સુધી પહોંચવાનો પ્રયાસ કરતાં જોઈ શકાય છે. કેટલાક લોકોના ગળા સુધી પાણી આવી ગયેલું પણ દેખાય છે.

### મણિપુર હિંસા મુદ્દે વિપક્ષોનો સરકાર સામે અવિશ્વાસ પ્રસ્તાવ

# સરકારની શાન ઠેકાણે લાવવા માટે જ અવિશ્વાસનો પ્રસ્તાવ લવાયો

**વિપક્ષની હાર નિશ્ચિત છતાં અવિશ્વાસની દરખાસ્તને ટેકો આપતા સાંસદો સરકારની ખામીઓને પ્રકાશિત કરે એ માટે પ્રસ્તાવ લવાયો**

। નવી દિલ્હી, તા.૨૭ ।

દેશમાં પૂર્વી રાજ્ય મણિપૂર હિંસા મામલે સરકાર વિરુદ્ધ વિપક્ષી પાર્ટીઓ દ્વારા અવિસ્વાસ પ્રસ્તાવ લાવી છે. કોંગ્રેસ પાર્ટીના સભ્ય રંજન ગોગોઈ દ્વારા રજૂ કરાયેલા આ પ્રસ્તાવ પર ચર્ચા કરવા માટે મંજૂરી મળી છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ તમામ પક્ષોના નેતાઓ સાથે વાત કર્યા બાદ આ અંગે ચર્ચાની તારીખની માહિતી આપશે. કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ ગઈકાલે સાંજે ગૃહમાં વિપક્ષ દ્વારા લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવ અંગે મીડિયાને માહિતી આપી હતી. સંસદીય લોકશાહીમાં કોઈપણ સરકાર માત્ર જ્યાં સુધી ચૂંટાયેલા સભ્યોની બહુમતી હોય ત્યા સુધી સત્તામાં રહી શકે છે. આપણા બંધારણની કલમ ૭૫(૩) મુજબ મંત્રી પરિષદ સામૂહિક રીતે લોકસભાને જવાબદાર છે. લોકસભાનો કોઈપણ સભ્ય ૫૦ સાંસદોનું સમર્થન મેળવીને કોઈપણ સમયે મંત્રી પરિષદ સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકે છે. અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ મંજૂર થયા બાદ સંસદમાં તેની ચર્ચા થાય છે. અવિશ્વાસની દરખાસ્તને ટેકો આપતા સાંસદો સરકારની ખામીઓને પ્રકાશિત કરે છે અને ટ્રેઝરી બેન્ચ તેમના દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર પ્રતિક્રિયા આપે છે. લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા થયા બાદ મતદાન કરવામાં આવે છે. જો લોકસભાના બહુમતી સભ્યો સરકારની તરફેણમાં મતદાન કરે છે તો સરકાર જીતે છે અને સત્તામાં રહે છે.

તેનાથી વિપરીત જો બહુમતી સાંસદો અવિશ્વાસની દરખાસ્તની તરફેણમાં મત આપે છે તો સરકાર પડી જાય છે. કેન્દ્રમાં રહેલી ભાજપને વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં સંપૂર્ણ બહુમતી મળી હતી. ભાજપ પાસે ૩૦૩ સાંસદ છે જ્યારે એનડીએમળીને કુલ સાંસદોની સંખ્યા ૩૩૧ છે. વિપક્ષની વાત કરવામાં આવે તો ગઠબંધન પાસે ૧૫૦થી પણ ઓછા સાંસદો છે. આ સાથે જો બીઆરએસ,વાયએસઆરકોંગ્રેસ અને બીજેડીના સાંસદોને જોડવામાં આવે તો પણ તેની સંખ્યા એનડીએકરતા ઓછી છે. આવી સ્થિતિમાં અવિશ્વાસ પ્રસ્તાવની નિષ્ફળતા નિશ્ચિત છે. લોકસભામાં કોંગ્રેસના વ્હીપ મણિકમ ટાગોરે મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે આ વિચાર વિપક્ષી પાર્ટીઓના ગઠબંધન આઈ.એન.ડી.આઈ.એનો છે. અમારું માનવું છે કે સરકારના ઘમંડને તોડવા અને તેને મણિપુરના મુદ્દા પર બોલવા માટે મજબૂર કરવા માટે આનો ઉપયોગ એક છેલ્લા હથિયાર તરીકે થવો જોઈએ. ભારતના ઈતિહાસમાં અત્યાર સુધીમાં ૨૭ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યા છે. મોદી સરકાર સામે છેલ્લો અવિશ્વાસ પ્રસ્તાવ જુલાઈ ૨૦૧૮માં આવ્યો હતો. આ પ્રસ્તાવ ખરાબ રીતે નિષ્ફળ ગયો હતો, જેમા એનડીએને ૩૨૫ વોટ મળ્યા જ્યારે વિપક્ષના પ્રસ્તાવને ૧૨૬ વોટ મળ્યા હતા. આ પહેલા વર્ષ ૧૯૬૩માં પંડિત નેહરુ વિરુદ્ધ દેશમાં પ્રથમ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવ કોંગ્રેસના નેતા આચાર્ય ક્રિપલાની દ્વારા લાવવામાં આવ્યો હતો અને તેનો પરાજય થયો હતો. ઈન્દિરા ગાંધી વિરુદ્ધ ૧૫ વખત અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો અને તે દરેક વખતે તેમની સરકાર બચાવવામાં સફળ રહી હતી.

### મણિપુર હિંસા મુદ્દે ઈન્ડિયાની બેઠક, સાંસદો કાળા કપડામાં હાજર રહ્યા

। નવી દિલ્હી, તા.૨૭ ।

સંસદમાં ચાલી રહેલા ચોમાસુ સત્રનો આજે છઠ્ઠો દિવસ છે. સંસદના બંને ગૃહોમાં મણિપુર હિંસા પર વિપક્ષ દ્વારા સરકાર પ્રહારો કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન વિપક્ષી મહા ગઠબંધન ઈન્ડિયાએ આજે એક મહત્વની બેઠક બોલાવી હતી. વિરોધ પક્ષોના સાંસદો કાળા કપડા પહેરીને બેઠકમાં હાજર રહ્યા હતા. વિપક્ષી સાંસદોએ મણિપુર પર ચર્ચાની મંજૂરી ન આપવા અને અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા શરૂ ન કરવા બદલ કેન્દ્ર સરકારના વિરોધમાં કાળા કપડા પહેર્યા હતા. આ બેઠક વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેની ચેમ્બરમાં થઈ હતી. મળતી માહિતી મુજબ બેઠકમાં વિપક્ષે અવિશ્વાસ પ્રસ્તાવ પર પોતાની રણનીતિ બનાવી.

### લોકનીતિ-સીએસડીએસ દ્વારા કરાયેલા સર્વેમાં ચોંકાવનારા તથ્યો સામે આવ્યા

# બેકારી, ગરીબી, મોંઘવારી અને ભ્રષ્ટાચાર દેશની મોટી સમસ્યા

**૩૫ ટકા યુવાનોએ આર્ટસ/હ્યુમેનિટીઝને અભ્યાસ માટે પ્રથમ પસંદગી હોવાનું જણાવ્યું, ૬૧ ટકા યુવાનોએ સરકારી નોકરીને તેમની પ્રાથમિકતા ગણાવી**

। નવી દિલ્હી, તા.૨૭ ।

દેશમાં વધી રહેલી બેરોજગારીથી આજના યુવાનો સૌથી વધુ ચિંતિત છે. યુવાનો માને છે કે આજે તેમના માટે સૌથી મોટી સમસ્યા અભ્યાસ બાદ નોકરી શોધવાની છે. પહેલાની સરખામણીમાં આજે નોકરી શોધવી ખૂબ જ મુશ્કેલ બની ગઈ છે. તેનું મુખ્ય કારણ છે હાલમાં ઓછી નોકરીઓનું સર્જન થઈ રહ્યું છે. તે જ સમયે, માત્ર ૫ ટકા યુવાનો ઉચ્ચ શિક્ષણ માટે વિજ્ઞાનને પસંદ કરી રહ્યા છે. લોકનીતિ-સીએસડીએસ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં આ બાબતો સામે આવી છે. આ સર્વે ૧૮ રાજ્યો જેમાં ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, મધ્ય પ્રદેશ, તમિલનાડુ, રાજસ્થાન, કર્ણાટક, ગુજરાત, ઓડિશા, કેરળ, ઝારખંડ, આસામ, પંજાબ, છત્તીસગઢ અને દિલ્હીમાં કર્યો હતો. ૧૫ થી ૩૪ વર્ષની વયના ૯૩૧૬ યુવાનો વચ્ચે કરવામાં આવ્યું. સર્વે માટે ફિલ્ડવર્ક નવેમ્બર અને ડિસેમ્બર ૨૦૨૨માં કરવામાં આવ્યું હતું. આ સર્વેમાં જ્યારે યુવાનોને દેશની સૌથી મોટી સમસ્યા વિશે પૂછવામાં આવ્યું તો તેઓએ બેરોજગારીને ટોચ પર મૂકી. સર્વેમાં સામેલ ૩૬ ટકા યુવાનોએ બેરોજગારીને સૌથી મોટી સમસ્યા ગણાવી છે. ૧૬ ટકા યુવાનો ગરીબીને સૌથી મોટી સમસ્યા માને છે. ૧૩ ટકા યુવાનોએ કહ્યું કે, તેમના માટે મોંઘવારી સૌથી મોટી સમસ્યા છે. સર્વેમાં સામેલ ૬ ટકા યુવાનોએ ભ્રષ્ટાચારને સૌથી મોટી સમસ્યા ગણાવી હતી. ૪ ટકા યુવાનોના મતે ઓનલાઈન શિક્ષણ એક મોટી સમસ્યા છે. તે જ સમયે, ૪ ટકા યુવાનોના મતે વધતી વસ્તી એ એક મોટી સમસ્યા છે. સર્વેમાં સામેલ ૧૮ ટકા લોકોએ કોઈ જવાબ આપ્યો નથી. સર્વેમાં



યુવાનોને અભ્યાસના ક્ષેત્ર અંગે તેમની પસંદગી વિશે પૂછવામાં આવ્યું હતું. સર્વેમાં સામેલ એક તૃતીયાંશ એટલે કે ૩૫ ટકા યુવાનોએ આર્ટસ/હ્યુમેનિટીઝને અભ્યાસ માટે તેમની પ્રથમ પસંદગી હોવાનું જણાવ્યું. સર્વેમાં સામેલ ૨૦ ટકા યુવાનોએ વિજ્ઞાનમાં રસ દાખવ્યો હતો. ૮ ટકા યુવાનોએ કોમર્સને તેમની પસંદગી હોવાનું જણાવ્યું હતું. નોંધનીય છે કે સર્વેક્ષણમાં સામેલ યુવાનોમાંથી માત્ર ૫ ટકાએ જ વિજ્ઞાન/ટેક્નોલોજીને પોતાની પસંદગી ગણાવી છે, જ્યારે ૧૬ ટકા યુવાનોએ મિશ્ર વિષયોને તેમની પસંદગી હોવાનું જણાવ્યું છે. સર્વેમાં યુવાનોને સરકારી કે ખાનગી નોકરીમાંથી કોઈ એકની પસંદગી કરવાનું કહેવામાં આવ્યું હતું.

સર્વેમાં સામેલ ૬૧ ટકા યુવાનોએ સરકારી નોકરીને તેમની પ્રાથમિકતા ગણાવી હતી. ૨૭ટકા યુવાનોએ પોતાનો બિઝનેસ, સાહસ અથવા સ્ટાર્ટ અપ શરૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. માત્ર ૬ ટકા યુવાનો ખાનગી નોકરી કરવા ઈચ્છતા હતા. સર્વેમાં સામેલ યુવાનોને કોરોના સમયગાળા દરમિયાન ઓનલાઈન ક્લાસ અને ઓનલાઈન અભ્યાસ દરમિયાન આવતી સમસ્યાઓ વિશે પૂછવામાં આવ્યું હતું. તેમાંથી ૩૯ ટકા યુવાનોએ નબળી ઈન્ટરનેટ કનેક્ટિવિટીને મોટી સમસ્યા ગણાવી હતી. તે જ સમયે, ૮૦ ટકા યુવાનોએ સ્વીકાર્યું કે કોરોના સમયગાળા અને લોકડાઉન દરમિયાન અભ્યાસમાં સમસ્યા હતી. જ્યારે ૫ ટકા યુવાનોએ સ્વીકાર્યું કે લોકડાઉન દરમિયાન તેમને અભ્યાસ કરવામાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડ્યો નથી. સર્વે મુજબ કરિયરની દૃષ્ટિએ યુવાનોની બીજી પસંદગી એજ્યુકેશન સેક્ટર છે. ૧૪ ટકા યુવાનો શિક્ષણ અને સંબંધિત કામને વ્યવસાય તરીકે અપનાવવા માંગે છે. સર્વેમાં સામેલ ૬ ટકા યુવાનો સરકારી નોકરીમાં જવા માંગે છે. ૮ ટકા પોલીસમાં અને ૩ ટકા વહીવટી સેવાઓમાં રહેવા માંગે છે. માત્ર ૨ ટકા યુવાનોએ તેમની વર્તમાન નોકરી ચાલુ રાખવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

### પ્રોફિટ બુકિંગને લીધે શેરબજારમાં કડાકો

# સેન્સેક્સમાં ૪૪૦, નિફ્ટીમાં ૧૧૮ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો છે

**સેન્સેક્સ તેની ઊંચાઈથી ૯૨૦ અને નિફ્ટી ૨૬૪ પોઈન્ટ નીચે સરકી ગયો પણ પછી રિકવરી જોવા મળી**

। મુંબઈ, તા.૨૭ ।

ગુરુવારના ટ્રેડિંગ સેશનમાં ફરીથી શેરબજારના રોકાણકારોને નિરાશાનો સામનો કરવો પડ્યો. પ્રોફિટ બુકિંગના કારણે બજાર ઘટાડા સાથે બંધ થયું. બેંકિંગ, એફએમસીજી શેરોમાં વેચવાલી જોવા મળી હતી, જેના કારણે આજે બજાર બંધ થતાં સેન્સેક્સ ૪૪૦ પોઈન્ટ ઘટીને ૬૬,૨૬૬ પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૧૮ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૬૯૯ પોઈન્ટ પર બંધ થયો હતો. એક સમયે સેન્સેક્સ તેની ઊંચાઈથી ૯૨૦ અને નિફ્ટી ૨૬૪ પોઈન્ટ નીચે સરકી ગયો હતો. પરંતુ બજારમાં નીચલા સ્તરેથી રિકવરી જોવા મળી હતી. આજના કારોબારમાં બેક્કિંગ, ઓટો, આઈટી, એફએમસીજી, મેટલ્સ,



એનર્જી, મીડિયા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરો ઘટીને બંધ રહ્યા હતા. જ્યારે ફાર્મા અને હેલ્થકેર સેક્ટરના શેરોમાં ખરીદી જોવા મળી હતી. નિફ્ટી ફાર્મામાં ૪૪૦ પોઈન્ટ અથવા ૩.૦૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. નિફ્ટી ફાર્માના તમામ ૧૦ શેર લાલ નિશાનમાં બંધ થયા છે.

### સંસદના બંને ગૃહમાં મણિપુરના મુદ્દે ધાંધલ જારી

# દિલ્હી બિલ વિરુદ્ધ મતદાનના બિલથી રાજ્યભાના ઉપસભાપતિ દુવિધામાં

**ઉપસભાપતિ અને જેડીયુ સાંસદ હરિવંશ નારાયણ સિંહ પક્ષ દ્વારા વિપક્ષના વ્હીપને સમર્થનથી મૂંઝવણમાં મુકાયા**

। નવી દિલ્હી, તા.૨૭ ।

સંસદના બંને ગૃહોમાં મણિપુર મુદ્દે હજુ હોબાળાની સ્થિતિ યથાવત્ છે. વિપક્ષે આજે કાળા કપડાં પહેરીને તેના તીખા મિજાજ બતાવી દીધા છે જ્યારે લોકસભાની કાર્યવાહી ભારે હોબાળાને પગલે સ્થગિત કરી દેવામાં આવી હતી. આ દરમિયાન એવા અહેવાલ છે કે કેન્દ્ર સરકાર દિલ્હીના અધિકારો સંબંધિત વટહુકમને સંસદમાં રજૂ કરી શકે છે. તેના લીધે તમામ વિપક્ષી દળોએ પણ કમર કસી લીધી છે. ઈન્ડિયાગઠબંધનમાં સામેલ તમામ પક્ષોએ વ્હિપ જારી કર્યો છે. તેમાં જેડીયુએ પણ મોનસૂન સત્ર માટે પાર્ટીના રાજ્યસભા સાંસદોને દિલ્હી સંબંધિત બિલ વિરુદ્ધ મતદાન કરીને પાર્ટીના વલણનું સમર્થન કરવા માટે વ્હિપ જારી કર્યું છે.



જેના કારણે રાજ્યસભાના ઉપસભાપતિ અને જેડીયુ સાંસદ હરિવંશ નારાયણ સિંહ દુવિધામાં ફસાયા છે. તેમને પણ આ વ્હિપ લાગુ પડે છે. તેમના કાર્યાલયે પણ આ મામલે વ્હિપ મળ્યાની પુષ્ટી કરી છે. તાજેતરમાં હરિવંશ અનેક અવસરે પાર્ટીથી અલગ ચાલતા દેખાયા હતા જેના બાદ તેમની અને પાર્ટી વચ્ચે મતભેદના અહેવાલ આવ્યા હતા.

## ઈડી, સીબીઆઈ અને ઈન્કમટેક્સ ભાજપના સાચા સહયોગી : ઉદ્ધવ

। મુંબઈ, તા.૨૭ ।

મહારાષ્ટ્રમાં થોડા દિવસો પહેલાં જ અજિત પવાર સહિત એનસીપી ધારાસભ્યોએ બળવો કરી શિંદે-ફડણવીસ સાથે ગઠબંધન કરી રાજકારણમાં હડકંપ બચાવી દીધો હતો... અજિત પવારે સત્તાધારી ટીમમાં સામેલ થઈ શરદ પવાર સામે દુશ્મનીભર્યું પગલું ભર્યું છે. અજિત ટીમે રાજ્ય સરકારને સમર્થન આપ્યા બાદ દેશભરમાં મહારાષ્ટ્ર રાજકારણ ચર્ચાનો વિષય બની ગયો હતો. જોકે રાજકારણમાં વધુ ભડકો ત્યારે સામે આવ્યો જ્યારે અજિત પવાર સહિત તમામ ધારાસભ્યોએ શરદ પવાર સાથે મુલાકાત કરી અને તેમનો આશીર્વાદ મેળવ્યા... જોકે હવે મુખપત્ર 'સામના'માં અજિત પવાર ટીમની શરદ પવાર સાથેની મુલાકાતનો ઉલ્લેખ કરાયો છે. અજિત પવાર અને શરદ પવારની ભૂમિકા પર વિપક્ષી દળોએ પણ વાંધો ઉઠાવવાનું શરૂ કરી દીધું છે. દરમિયાન શિવસેના સાંસદ સંજય રાઉતે મુખપત્ર 'સામના'માં આપેલા ઈન્ટરવ્યૂમાં આવો સવાલ પૂછ્યો... તો આ સવાલનો જવાબ ઉદ્ધવ ઠાકરેએ ખુબ જ ઉગ્રતાપૂર્વક આપ્યો... ઉદ્ધવ ઠાકરેને પૂછવામાં આવ્યું કે, શું મંત્રી પદની શપથ લેવી અને એનસીપીનાં ફાટા પાડ્યા બાદ શરદ પવારનો આશીર્વાદ લેવા ગયા હતા. તો ઠાકરેએ જવાબ આપતા કહ્યું કે, શિવસેના છોડનારા ગદ્દારોની મારી પાસે આવવાની હિંમત થઈ નથી.... તેઓમાં કોઈ સાહસ નથી... તે લોકો મારા સ્વભાવને જાણે છે... તેમણે એમ પણ કહ્યું કે, તેઓ સારી રીતે જાણે છે કે, શિવસેનાની વિચારધારા બાલાસાહેબની વિચારધારા છે. ઉદ્ધવ ઠાકરેએ અજિત પવારની ટીકા કરતા કહ્યું કે, અજિત પવારનો અભિપ્રાય ખુબ જ ખરાબ છે, કારણ કે જેની પાસેથી આપણે બધુ લઈએ છીએ, તેમના વિશે આવા નિવેદન કરવા આપણી સંસ્કૃતિને અનુરુપ નથી... મને તેમનું નિવેદન 'આશિર્વાદ કોના લેવા છે'.

## તંત્રી લેખ...

# પુલવામાં શહિદોના પરિવારને આર્થિક મદદ, કોને કેટલી સહાય ?

વર્ષ ૨૦૧૯માં જમ્મુ કશ્મીરના પુલવામાં થયેલ આતંકી હુમલામાં શહીદ થયેલ જવાનોની ૧૧ વિધવાઓને સરકારી નોકરી માટે અરજી કરવા માટે પોતાના બાળકોના ૧૮ વર્ષના થવા સુધી રાહ જોવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે સંસદમાં આ જાણકારી આપી હતી, તેમણે જણાવ્યું હતું કે, આતંકી હુમલામાં શહીદ થયેલા ૧૯ પરિવારોને સદ્ભાવનાને આધારે સરકારી નોકરી આપવામાં આવી છે. વધુ ત્રણ પરિજનોની નિયુક્તિની પ્રક્રિયા ચાલી રહી છે.

૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ જમ્મુ કાશ્મીરના પુલવામામાં એક આત્મઘાતી હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા હતા, ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે એક પ્રશ્નના લેખિત ઉત્તરમાં જણાવ્યું હતું કે, ૧૧ વિધવાઓને દયાભાવના આધારે સરકારી નોકરીઓ માટે અરજી કરવા માટે પોતાના બાળકોને ૧૮ વર્ષના થવા સુધી રાહ જોવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદે જણાવ્યું હતું કે, તેમાંથી કેટલાંક બાળકો ચાર વર્ષ સુધીના છે તેમાં એસઆરપીએફ હેડ કોન્સ્ટેબલ મનોજ કે. બેહરાની દીકરી અને કોન્સ્ટેબલ ભાગીરથ સિંહનો સાત વર્ષનો દિકરો પણ શામેલ છે. શહિદ થયેલા ૪૦ સીઆરપીએફના જવાનોના પરિજનોને આપવામાં આવેલ આર્થિક સહાયતા અને સરકારી નોકરીઓની વિવરણ જાહેર કરતાં રાયે જણાવ્યું હતું કે, પ્રત્યેક પરિવાર-ને પૂરેપૂરું પાલતર આપવામાં આવ્યું છે. જેમાં કેન્દ્ર અથવા રાજ્ય સરકારો અને વ્યક્તિગત અને કોર્પોરેટ દાતાઓ દ્વારા દાન કરવામાં આવેલ ૧.૫ કરોડથી લઈને ૩ કરોડ સધીની આર્થિક સહાયતાનો સમાવેશ થાય છે. જ્યારે ૮ શહિદોના પરિજનોને કુલ પળતર ૧૫ કરોડથી લઈને ૨ કરોડ રૂપિયાનું વળતર અને ૨૯ શહીદોના પરિવારોને ૨ કારોથી ૨.૫ કરોડ સુધીના વળતરની સહાય આપવામાં આવી છે. મંત્રીએ જણાવ્યું કે, ત્રણ શહીદોના પરિવારોને ૨.૫ કરોડથી ૩ કરોડ સુધીની સહાય વળતર તરીકે આપવામાં આવી છે.

આતંકદવાદીઓએ પુલવામાં નેશનલ હાઈવે પર જઈ રહેલા સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ સીઆરપીએફના જવાનોના કાફલાને ગુપ્ત રીતે નિશાન બનાવ્યો હતો, ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ બપોરે ૩૦૦ કિલો વિસ્ફોટકોથી ભરેલા વાહને સીઆરપીએફના વાહનને ટક્કર મારી અને કાફલાને ઉડાવી દીધો આતંકવાદી હુમલા બાદ સૈનિકોને નજીકની આર્મી હોસ્પિટલમાં દાખળ કરવામાં આવ્યા હતા, પરંતુ મોટી સંખ્યામાં જવાનોના ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા, ઘટનાની ગણતરીની મિનિટોમાં સમગ્ર વિશ્વમાં તેની નિંદા થવા લાગી, મોટાભાગના દેશોએ ભારતના બહાદુર સૈનિકો પર થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી હતી, આ ઘટનાને અંજામ આપનાર હુમલાખોરનું નામ આદિલ અહમદ ડાર હતું, આ સિવાય સજ્જાદ ભટ્ટ, મુદાસિર અહેમદ ખાન વગેરે જેવા આતંકવાદીઓ પણ હુમલામાં સામેલ હતા, જેમને બાદમાં સેનાએ ઠાર માર્યા હતા. આ મામલાની તપાસ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી એનઆઈએ દ્વારા કરવામાં આવી હતી. જેમાં તેણે ૧૩,૫૦૦ થી વધુ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી.

# કવિ સુંદરમની પ્રાર્થના કરી જીવનજ્યોત જગાવો પ્રભુ હે જીવનજ્યોત જગાવો



## સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. જે કોઈના ઘરમાં મંદિર એટલે કે હરિ મંદિર જેવી કોઈ વ્યવસ્થા હશે, તે સૌને ખબર હશે કે ભગવાનનું મંદિર આપણે જે વાળીએ છીએ તે સાવરણીથી સાફ કરવામાં આવતું નથી. તેની માટે એક અલગ પ્રકારની મોરપીંછના ઝુડાથી બનેલી પીછી જેવી સાવરણી તૈયાર કરવામાં આવે છે, અને તેનાથી મંદિર સાફ કરવામાં આવે છે. એટલે કે ઈશ્વરનો જે જગ્યાએ વાસ છે, ત્યાં તેને કોમળતાથી સાફ કરવું પડે, તો આપણા શરીરમાં પણ અંતર આત્મા સ્વરૂપે ઈશ્વરનો વાસ છે. એટલે શરીરની અંદરથી આ માનસિક કચરો કાઢવા માટે પ્રાર્થના રૂપી સાવરણી અથવા મોરપીંછની ઝૂડીનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રાર્થના શબ્દ બોલવાથી પણ ખૂબ જ સારો ભાવ આવે છે, અને એમાં પણ જ્યારે અન્ય કોઈ માટે કોઈ પ્રાર્થના થતી હોય, ત્યારે તો એ જીવની માનસિકતા સર્વોપરી હોય છે. સામાન્ય રીતે મનુષ્ય જીવના સ્વભાવની એક લાક્ષણિકતા છે,કે તે સુખમાં ઈશ્વરને યાદ કરતો નથી હકીકતે તેની કૃપાથી જ સુખ હોવા છતાં પણ ઈશ્વરને તે યાદ કરતો નથી. થોડુંક દુઃખ આવે જીવનમાં એટલે તરત જ ઈશ્વર યાદ આવી જાય છે. પૂજા રૂપે નિયમિત જે ક્રિયા કરતો હોય તે કરે છે, પણ આભાર વશ આ ભાવથી ઈશ્વર પાસે કોઈ જતું નથી. ઈશ્વર પણ મનુષ્ય જીવનની માનસિકતા પ્રમાણે તેને બધું આપે છે, એટલે કે જે જીવનની ભૌતિક ભોગની માંગણી હોય તો એ તેને તે આપી અને શાંત કરી દે છે, એનાથી વધુ કોઈને સિદ્ધિ કે પ્રસિદ્ધિ જોઈતી હોય તો ઈશ્વર તે એને આપીને શાંત કરે છે. પરંતુ કોઈ કોઈ જીવ એવા હોય કે, જેને આ કોઈ વસ્તુની તમા હોતી નથી, એટલે કે ઈશ્વર તત્વના દર્શન થાય તેવી જ ફક્ત તેની ચાહ હોય છે. આ વાત આપણે અગાઉ ચિંતનમાં પણ કરી હતી કે, મા છે તે પોતાના બાળકને કામ હોય ત્યારે રમકડા વગેરે આપીને શાંત પાડતી હોય છે. એ રીતે ઈશ્વર પણ આપણી આવી નાની-મોટી જરૂરિયાતો પૂરી કરી અને આપણને સંતોષવાનો પ્રયત્ન કરે છે. પરંતુ સમાજમાં સાધુ સંત પણ હોય છે જેને કારણે સમાજ ટકી રહે છે, અને તેઓ કોઈ ને કોઈ રીતે લોક મંગલનાં કાર્ય કરતા હોય છે.

સાહિત્ય ક્ષેત્રે આવા કેટલાક સાહિત્યકાર થઈ ગયા જેમને સંતની ઉપાધિથી નવાજી શકાય. આવા જ એક કવિ સુન્દરમ્ની પ્રાર્થનાની વાત આજે આપણે કરીશું.

જીવનજ્યોત જગાવોપ<br>
કવિ સુન્દરમ ની રચના<br>
જીવનજ્યોત જગાવો પ્રભુ હે જીવનજ્યોત જગાવો.<br>
ટચૂકડી આ આંગળીઓમાં ઝાઝું જોર જમાવો,<br>
આ નાનકડા પગને વેગે ભમતા જગત બનાવો<br>
અમને રડવડતાં શીખવાડો પ પ્રભુ હે<br>
વણદીવે અંધારે જોવા આંખે તેજ ભરાવો,<br>
વણ જહાજે દરિયાને તરવા બળ બાહુમાં આપો,<br>
અમને ઝળહળતાં શીખવાડો પ પ્રભુ હે<br>
ઊડતાં અમ મનનાં ફૂલડાંને રસથી સભર બનાવો,<br>
જીવનનાં રંગો ત્યાં ભરવા પીંછી તમારી ચલાવો,<br>
અમને મઘમઘતાં શીખવાડો પ પ્રભુ હે<br>
ઉરની સાંકલડી શેરીના પંથ વિશાળ રચાવો,<br>
હૈયાના ઝરણાં નાનાને સાગર જેવું બનાવો,<br>
અમને ગરજંતા શીખવાડો પ પ્રભુ હે<br>
અમ જીવનની વાદળી નાની આભ વિશે જ ઉડાવો,<br>
સ્નેહશક્તિ બલિદાન-નીરથી ભરચક ધાર ઝરાવો,<br>
અમને સ્થળ સ્થળમાં વરસાવો પ પ્રભુ હે

કવિનું કલ્પન કેટલું ઊંચું છે, એ આપણે જોઈ શકીએ છીએ.કોઈ અંધારી ગુફામાંથી પસાર થવું હોય તો એ રોશની વગર કેટલું મુશ્કેલ છે, તે સૌ કોઈ જાણે છે. સંસાર એ એક અંધારી ગુફા છે, એમાં જો આત્મા દીપના અજવાળા ન હોય, એટલે કે જીવન જ્યોત પ્રજ્વલિત ના હોય, તો જીવન જીવવું બહુ જ કઠિન થઈ જાય છે અને દિશા હીન થતાં મનુષ્યના ભટકવાના ચાન્સ વધી જાય છે.કવિ પોતે એક નાના બાળક બની જાય છે, અને ઈશ્વર સાથે કાલાઘેલાની ભાષામાં વાત કરતા હોય તેવું દેખાય છે. આત્મ દીપ પ્રગટાવવાની વાત કરે છે, અને નાની આંગળીઓમાં ઝાઝું જોર આપો, જેથી કરીને હું સારા કર્મ કરી શકું, નાનકડા આ પગથી હું આખું જગત જોઈ શકું એટલું બળ આપો, પ્રભુ અમને દિન બનાવો જેથી કરીને તમારી કૃપાનો અહેસાસ થાય. અંધારામાં પણ જોઈ શકીએ એટલું આંખમાં તેજ આપો,ઘણી વાર એવું થતું હોય છે કે જે દેખાય છે એ સત્ય હોતું નથી, ત્યારે એ સત્ય ને જોઈ જાણી શકીએ તેવા જ્ઞાનના તેજ આપો.

જહાજ કે નાવ વગર દરિયામાં તરી શકાય એટલું બાહુ બળ આપો, ભવસાગર કહો કે સંસાર સાગર તેમાં જીવવું એ વગર જહાજે તરવા જેટલું કઠીન છે,તો આ રીતે અમે એ કાર્ય કરી શકીએ, અને ઝળહળતી પ્રસિદ્ધિ ને પામી શકીએ.મન ને ઘણાં એ મર્કટ કહ્યું તો ઘણાએ ભ્રમર કહ્યું, ટૂંકમાં કહીએ તો મન ચંચળ છે, એ ફૂલમાંથી રસ ચૂસતા ભ્રમર જેમ સંસાર માંથી આનંદ રુપી રસ ગ્રહણ કરી ને જીવન ચિત્રને રંગીન બનાવે એવું કંઈક કરો, જેથી ફૂલની જેમ પમરાટ ફેલાવી શકીએ.અંતર ની સંકુચિતતા મિટાવી ને તેને વિશાળ બનાવો, અને હૈયે વહેતાં ઝરણાં ને સાગર જેવું વિશાળ બનાવો, જેથી અમે સાગર જેમ ગરજી શકીએ એટલે મોટા મોટા કાર્ય કરવા શક્તિમાન બનીએ,તેમજ સાગર જેમ સર્વનો સ્વીકાર કરી શકીએ.અમારા ગર્વની વાદળી અમારા જ ગગન વિશે ઉડાવો, એટલે ગર્વ ને બહુ વધવા ન દેતાં, હિન્દુ સંસકૃતિ કે દેશપ્રેમની વીર ગાથા સંભળાવીને ભરપૂર દેશ પ્રેમ જગાડી જ્યાં જ્યાં એ વીરતા હોય ત્યાં આમને વરસાવો એટલે એ ભાવથી ભીંજવી દ્યો.

સાહિત્યનો કોઈ પણ પ્રકાર હોય, લેખ હોય, વાર્તા હોય, મૌલિક કાવ્ય હોય, છંદ હોય,કે પછી અછંદાસ હોય, ગમે તે હોય પણ એનો મુખ્ય હેતુ સ્પષ્ટ થતો હોય, તો એ રચના ઉત્તમ કહેવાય. અહીં કવિ પોતાના કવિત્વને સિદ્ધ કરે છે, એટલે કે તેની રચના અતિ ઉત્તમ છે. બિલકુલ બાળક બનીને કરવામાં આવતી આ પ્રાર્થના આપણા ભાવને આજે પણ બાળક બનાવી શકવા સમર્થ છે. આજે પણ જ્યારે આ લખાય છે, ત્યારે હૃદયની નિખાલસતા એકદમ બાળક જેવી જ અનુભવાય છે, સંસારમાં આવ્યા છીએ, અને હવે પૂર્ણ સંસારી છીએ, ત્યારે કર્તવ્ય કર્મને નામે આપણે ઘણું બધું કરતા હોઈએ છીએ, તેમાં દરેક વખતે દરેક વ્યક્તિનું નિખાલસ રહેવું શક્ય નથી. પરંતુ પ્રાર્થના વખતે નિખાલસતા હોવી બહુ જ જરૂરી છે, તો કોઈપણ રચના આપણને કવિના એ ઉત્તમ ભાવ સાથે જોડે, તો જે તે રચનાની પ્રસિદ્ધિ આપોઆપ થતી જાય છે, એની માટે એને કોઈ અખબારમાં કે મેગેઝીન માં જાહેરાત દેવાની જરૂર નથી. તો આપણે પણ આજે કવિ સુન્દરમ્ની આ પ્રાર્થના સાથે તેના રચના કરતી વખતના જે નિખાલસ ભાવ રહ્યા હોય, તેમાં જોડાઈ ને ઈશ્વર પાસે જગત કે જે કૌતુક લાગતું હતું, તેના રહસ્યને પામવા માટે થઈને આ પ્રાર્થના કરી. સૌના જીવનમાં આવી આનંદમય ક્ષણ આવે, અને જગત ત્યારે તેને જટિલ ના લાગતા, પૂર્ણ આનંદ આપનારું બને, એવી એક અન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા સ્નેહવંદન અને જય સીયારામ.

# વધતી વયની રફ્તાર પર બ્રેક લાગશે


વધતી વયની રફતાર પર આવનાર સમયમાં બ્રેક મુકાશે. ૫૦ વર્ષ વયમાં પણ હવે જવાન રહી શકાશે. વૈજ્ઞાનિકોએ સૌથી સરળ રીત દર્શાવીને તમામને સાવધાન કર્યા છે. આરોગ્યને લઈને પરેશાન લાખો લોકો માટે સારા રાહત ભરેલા સમાચાર આવ્યા છે. લાંબી અને સ્વસ્થ વય કઈ રીતે મેળવી શકાય તે બાબત જાણવા માટે તમામ લોકો હમેંશા સાવધાન રહે છે. જીવનશેલી અને ભોજન કરવાની ખરાબ ટેવના કારણે કેટલાક પ્રકારની ગંભીર બિમારી જ લાગી રહી નથી બલ્કે સમય કરતા પહેલા મોટી વય તરફ પણ લોકો વધી રહ્યા છે. લોકો ઝડપથી મોટી વય તરફ વધી રહ્યા છે. જેના માટે કેટલાક કારણો રહેલા છે. આ ઉપરાંત પર્યાવરણમાં વધતા જતા પ્રદુષણના કારણે પણ લોકો વય કરતા પહેલા વૃદ્ધાવસ્થા તરફ વધી રહ્યા છે. હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસ પરથી દાવો કરવામાં આવ્યો છે કે વ્યવહારિક અને પર્યાવરણીય કારકોના પરિણામસ્વરૂપે લોકોની સરેરાશ વય સતત ઘટી રહી છે. તો શુ આ તમામ બાબતોથી બચી શકાય છે . આ પ્રશ્નનો જવાબ હા છે. વૈજ્ઞાનિકોએ અભ્યાસ દરમિયાન એક ખાસ પીણાની માહિતી મેળવી છે. જેનો ઉપયોગ કરીને તમે વધતી વયની રફતાર પર બ્રેક મુકી શકાય છે. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે ગ્રીન ટીનો ઉપયોગ કરવાની બાબત સૌથી ફાયદાકારક સાબિત થઇ શકે છે. તેમાં કેટલાક પ્રકારના એન્ટી ઓક્સીડન્ટ તેમજ પ્લાન્ટ કમ્પાઉન્ડ જોવા મળે છે. જે તમને લાંબા સમય સુધી સ્વસ્થ રાખવામાં સહાયક સાબિત થાય છે. સાથે સાથે સમય કરતા પહેલા વૃદ્ધાવસ્થાના લક્ષણોને પણ રોકવામાં મદદ કરે છે. ગ્રીન ટીનો ઉપયોગ માત્ર જવાન રાખવામાં જ મદદરૂપ સાબિત થતા નથી. સાથે સાથે તેના ઉપયોગથી શરીરને કેટલાક પ્રકારના ખાસ લાભ થાય છે. ગ્રીન લીને અભ્યાસમાં લાભદાયક હોવાની બાબતને સમર્થન મળ્યુ છે. વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે ગ્રીન ટીમાં કેટલાક પ્રકારના આરોગ્ય લાભ રહેલા છે. તે આપના લાંબા જીવનના સપનાને પણ પૂર્ણ કરવામાં મદદ કરી શકે છે. ગ્રીન ટીને એન્ટી ઓક્સીડન્ટ, વિટામિન સી અને અન્ય કેટલીક જરૂરી પૌષખ તત્વોના એક સમૃદ્ધ સ્રોત તરીકે ગણવામાં આવે છે. જે સ્કીનને સ્વસ્થ રાખવામાં મદદરૂપ સાબિત થાય છે. સાથે સાથે કેટલીક ગંભીર બિમારીની સામે પણ રક્ષણ આપે છે. ડાયાબિટીસ અને કેન્સર જેવી ગંભીર બિમારીમાં પણ ગ્રીન ટીના ઉપયોગ અંગે માહિતી મળી છે. ગ્રીન ટી સ્થુળતાને નિયંત્રિત કરવામાં ખાસ ભૂમિકા અદા કરે છે. વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે ગ્રીન ટી મેટાબોલિજમને વધારીને વજનને ઘટાડી દેવામાં મદદરૂપ સાબિત થાય છે. વજનના નિયંત્રિત રહેવાથી કેટલાક ગંભીર બિમારીઓનો જોખમ ઓછા થઈ જાય છે. ગ્રીન ટીના ઉપયોગને શરીરની સાથે સાથે માનસિક આરોગ્ય માટે પણ લાભપ્રદ ગણવામાં આવે છે. ગ્રીન ટી કેફીન અને એન્ટી ઓક્સીડન્ટના એક મોટા સોર્સ તરીકે છે. જે મુડને વધારી દેવામાં મદદરૂપ સાબિત થાય છે. ન્યુરો ડીજેનેરિટિવ રોગોના વિકાસના જોખમને ઘટાડી દેવાની સાથે સાથે ગ્રીન ટીનો ઉપયોગ માનસિક રોગના ખતરાથી સુરક્ષા આપવામાં મદદગાર સાબિત થાય છે. લાંબી વય માટે અન્ય કેટલાક ખાસ કામ કરી શકાય છે. કેટલાક પ્રકારના કારણોસર લોકોની વય સતત ઘટી રહી છે. શોધમાં જાણવા મળ્યુ છે કે ભોજન અને જીવનશૈલીમાં સ્વસ્થ ફેરફાર કરીને શરીરને સ્વસ્થ રાખી શકાય છે. જે આપને લાંબા સમય સુધી જીવિત રાખવામાં મદદરૂપ સાબિત થાય છે.

# ઘન રે ગાજેને ચમકે વિજળી, એકલુ કેમ રહેવાય રે તમ રે વિના મારા નાથજી, સૂનો લાગે છે સંસાર રે...

## વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા





ધર્મ એ જીવન જીવવાની કળા છે તેને જાણવા સમજવાની જરૂર છે. કોઈ ચૂંટણી ટાણે કે બીજા સ્વાર્થમાં ધર્મ સમજાવે તો એ સમય જાગૃત બની આગળ વધવું જોઈએ.

એક એવી શકયતા રહેલી છે કે અત્યારના યંત્રવત જીવન અને સમાજમાંથી પાછા એક ઝાક એવા આવે. જેમાં માનવ મન ધાર્મિક વિચારધારામાં અને ધર્મ વડે નિયંત્રિત અથવા મંજૂર કરવામાં આવ્યો હોય એવા સમાજમાં પાછ પોતાના આશ્રાય શોધે. પરંતુ સાંપ્રદાયિક ધર્મએ જોકે વ્યકિતને માટે એક રીતના આંતરિક આરોહણનું સાધન પૂરું પાડેલું છે અને પાતામાં અથવા પોતાની પશ્ચાદ -ભૂમાં આધ્યાત્મિક જીવન પ્રત્યે ખૂલે તેવા માર્ગો જાળવી રાખ્યા હશે, છતાં તેમનાથી માનવજીવન કે સમાજનું પરિવર્તન સિદ્ધ થઈ નથી. એ એમ કરી શકયા નથી એનું કારણ એ છે કે, સમાજનો વ્યવસ્થા કરવા જતાં એમને જીવનનાં નિમ્ન સ્વરૂપા સાથે બાંધછોડ કરવી પડી છે અને સમગ્ર સ્વરૂપનાં આંતરિક પરિવર્તનના આગ્રહ જાળવી શકયા નથી. એમનાથી જે આગ્રહ રાખી શકાયા તે કેવળ સંપ્ર- દાયને વળગી રખાવવાની બાબતમાં, એમના નીતિનિયમાને દેખીતી રીતે સ્વીકારી લેવાની બાબતમાં અને એ ધર્મની સંસ્થા ઓ, વિધિઓ અને નીતિ રીતિ ઓનું અનુસરણ કરવાની બાબત માં આ રીતે ધર્મની રચના કરવામાં આવે છે તે, તેની સપાટી ઉપર એક રીતની ધાર્મિક-નૈતિક રંગ- છટા જાળવી શકે છે, કેટલીક વારએ અમુક અપૂર્ણ આધ્યાત્મિક વલણને પણ સર્વ-સામાન્ય બનાવી શકે છે (જો એ પોતે પોતાના કેન્દ્રમાં આધ્યા- ત્મિક અનુભૂતિનું કોઈ મજબૂત બીજક જાળવી રાખી શકે તે); પરંતુ એથી કાંઈ માનવજાતિનું રૂપાંતર થતું નથી, માનવ અસ્તિવ ને માટે એ કોઈ નવું તત્ત્વકે સિદ્ધાંત રજૂ કરી શકતો નથી. એ તે જ્યારે આખા જીવનને અને પ્રકૃતિને સંપૂર્ણપણે આધ્યાત્મિક માર્ગ પ્રત્યે દોરી જવામાં આવે ત્યારે જ માનવ જાતિ પોતાની મર્યાદાઓ માંથી બહાર આવી શકે છે. મહાન ધર્મનાં જે બાહ્ય રૂપે તથા માન્યતા ઓ અને બૌદ્ધિક વિચારો રહેલા છે તેમને જ માત્ર ન જોતાં જો એ બધાની પાછળ રહેલી ભાવનાને જોઈશું, એમની દ્વારા પ્રત્યક્ષ થતા તત્ત્વને જો જોઈશું તો પછી એ સર્વનું એકીકરણ કરવામાં મુશ્કેલી નહિ પડે. આ બધાં તે માનવની પ્રગતિનાં જ વિવિધ પાસાં છે અને બરાબર રીતે એકબીજાની પૂર્તિ રૂપ બનેલાં છે. આ રૂપા, માન્યતાઓ તથા વિચારો એ હજી પણ બીજા અનેક રૂપો, માન્યતાઓ તથા વિચારો સાથે મિલન સાધવું જોઈએ અને એ દ્વારા એક વધુ સમગ્ર અને એવી પ્રગતિ સાધવી જોઈએ, પ્રભુના જીવનની એક વધુ સંપૂર્ણ રીતની સમજ પ્રગટવી જોઈએ, એમાંથી પ્રભુ પ્રત્યે એક વધુ સમગ્ર રીતની ગતિ રચાવી જોઈએ. આવું એકીકરણ આપણે વસ્તુઓ પાછળ રહેલા આત્મામાં પહોંચી એ તો જ બની શકે. પરંતુ એટલું એકીકરણ પણ પૂરતું એ એકી કરણમાં આપણે ભાવિનું એક દર્શન પણ ઉમેરવાનું રહે છે. માનવજાતિની ગતિ જે લક્ષ્ય તરફ જઈ રહેલી છે, ભાવિમાં આ જગત ઉપર જે સાક્ષાત્કાર સિદ્ધ થવાનો છે, શ્રી અરવિદ અહીં જે અંતિમ કોટિની આધ્યાત્મિક ક્રાંતિ વિષે એટલે કે અતિમાનસ ક્રાંતિ વિષે જે રહ્યા છે અને એ ક્રાંતિ થતાં જગતમાં જે એક નૂતન યુગ મંડાવાનો છે એ વસ્તુઓ પણ આપણે આ એકીકરણમાં ઉમેરવાની છે.અતિમાનસ ચેતના માં આ બધી વસ્તુઓ પરસ્પરની વિરોધી રહેતી નથી યા તો એક બીજાને દૂર ધકેલી દેતી નથી. ત્યાં એ બધી સંપૂર્ણ રીતે અન્યોન્યની પૂરક બની રહેતી હોય છે. આ બધા વચ્ચેનો ભેદ તો મનોમય રૂપાને લીધે ઊભા થતા હોય છે. એટલે આપણી પાસે એક મનોમય રૂપ દ્વારા જે વસ્તુ રજૂ થતી હોય તેણે બીજા સર્વ મનોમય રૂપા દ્વારા જે જે વસ્તુઓ રજૂ થતી હોય તે બધાની સાથે એક બનવું જોઈએ અને એમાંથી જ પછી એક સંવાદ મય રીતની સમગ્રતા ઉત્પન્ન થઈ શકે.ધર્મ અને સાચી રીતનું આધ્યા ત્મિક જીવન એ બે વચ્ચે જે મૂળ ભેદ છે તે આ પ્રમાણેનો છે. ધર્મની પ્રવૃત્તિ માત્ર તેના પોતાના બાહ્ય રૂપમાં તેની સાંપ્રદાયિકતામાં, વિચારોના અમુક ચોકઠામાં જ લગભગ સમાઈ જતી હોય છે. ધર્મ જો કદી મહાન બનતા હોય તો તે તેની પાછળ રહેલી થોડીક અપવાદરૂપ વ્યકિતઓની આધ્યાત્મિકતાને લીધે જ બનતું હોય છે. પરંતુ સાચું આધ્યાત્મિક જીવન તો એવું હોય છે કે તે બુદ્ધિનાં ચોક્કસ ચોકઠાંવાળાં હરેક રૂપોથી તેમજ જીવનનાં હરેક મર્યાદિત રૂપોથી મુક્ત જ હોય છે, અને અતિમાનસ સાક્ષાત્કાર તો ખાસ આવા હશે. આધ્યાત્મિક જીવન તો દરેક રીતની શકયતા ઓને તથા દરેક રીતના આવિર્ભાવાને પાતામાં સમાવી લેતું હોય છે. એ જીવન પાતા દ્વારા જગતના ઉચ્ચમાં ઉચ્ચ સત્યને, વધુમાં વધુ વિશ્વ વ્યાપક સત્યને કરતું હાય છે. જગતમાં આપણે હવે એક નવા ધર્મની જરૂર નથી. એવો ધર્મ બિનજરૂરી છે એટલું જ નહિ એ ઊભા થાય તો તેથી નુકસાન પણ છે. આપણે તે એક નવીન જીવનનું સર્જન કરવું છે,એક નવી ચેતનાને, બુદ્ધિની મર્યાદાઓથી તથા માનસિક માન્યતાઓથી પર એવી કોઈક વસ્તુને વ્યકત કરવાની છે. જગતમાં એક જીવંત સત્યના આવિર્ભાવ થઈ જવા જોઈએ. ધર્મ વિશે આપણે અનેક પ્રકારના મનોમંથન કરી શાંતિ સુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીએ છીએ પણ ખરેખર ધર્મને સાચી રીતે સમજીએ છીએ ખરા??

# ટીમને ચેમ્પિયન ટીમ બનાવો





બિઝનેસ અને અન્ય કોઈ પણ ક્ષેત્રમાં પુરતી સફળતા હાંસલ કરવા માટે આપની સાથે રહેલી ટીમ પણ સફળ રહે તે જરૂરી છે. ટીમને ચેમ્પિયન બનાવીને જ સફળતા હાંસલ કરી શકાય છે. જો તમે એક સફળ લીડર બનવા માટે ઈચ્છુક છો તો પોતાની ટીમને લઇને એમ્પેથી રાખવાની જરૂર છે. એટલે કે તેમની પરિસ્થિતીને પણ સમજી લેવાની જરૂર હોય છે. જો તમે આવુ કરશો તો દરેક સ્થિતીમાં આપની ટીમ આપને સાથ આપશે. આપના પ્રત્યે વફાદાર પણ રહેશે. સાથે સાથે તે ચેમ્પિયન ટીમ પણ બનશે. જે આપને સફળતા અપાવી શકે છે. એક સફળ ટીમ બનાવવા માટે પણ કેટલીક બાબતોનુ ધ્યાન રાખવુ પડે છે. સફળતા હાંસલ કરવા માટે પોતાની ટીમને પણ સફળ બનાવવી પડશે. આના માટે આપને પોતાની ટીમમાં દરેક કામ માટે કોઇને કોઇ વ્યક્તિને જવાબદારી સોંપવી પડશે. આવુ કરવાથી દરેક કામ વિભાજિત થઇ જાય છે અને કામ સરળ પણ બની જાય છે. કામ વહેચી દેવાથી દરેક કામ દરેક વ્યક્તિ પોતાની ઈચ્છાશક્તિ સાથે મજબુતી સાથે કરે છે. ટીમને જવાબદાર બનાવી દેવાની બાબત સફળતા અપાવે છે. આવી સ્થિતીમાં ટીમ મેમ્બર્સ પર વધારે વિશ્વાસ રાખી શકો છો. સન્માન રાખી શકાય છે. આવી સ્થિતીમાં કર્મચારીઓ નવી નવી બાબતો શિખવા માટે આગળ આવે છે. કર્મચારીઓ તમામ કામ મન લગાવીને કામ કરે ત્યારે જ કોઇ મોટી સફળતા હાંસલ કરી શકાય છે. કોઇ પણ કામને પૂર્ણ કરવા માટે સાહસ રાખવાની બાબત જરૂરી હોય છે. જો તમે તમારા બિઝનેસને સફળ કરવા માંગો છો તો આપમાં મુશ્કેલીનો સામનો કરવાની હિમ્મત અને સાહસ રહે તે જરૂરી છે. રિસ્ક લેવાની હિમ્મત રહે તે જરૂરી છે. આ તમામ ગુણ ટીમ મેમ્બર્સમાં પણ રહે તે જરૂરી છે. જો આવુ હશે તો જ તે એક સફળ ટીમ બની શકે છે. એક ચેમ્પિયન ટીમ બનાવી દેવા માટે સૌથી પહેલી જરૂરિયાત એ છે કે લીડર ટીમ પ્રત્યે એમ્પેથી રાખે. અથવા તો કર્મચારીઓની ભાવના અને કામને સમજે. તેમની સ્થિતીને પણ સમજવામાં આવે. કર્મચારીઓની તકલીફને સમજીને આગળ વધવામાં આવે તે જરૂરી છે. તેમની સફળતાની ઉજવણી કરવામાં આવે તે જરૂરી છે. આવુ કરવાથી કર્મચારીઓ ખુશ રહે છે. આવુ કરવાથી કર્મચારીઓ આપને છોડીને ક્યારેય જશે નહીં.

# ઈલાયચીના સેવનથી મળશે આ ફાયદા, કેન્સર જેવી બીમારીને શરીરથી દૂર રાખશે



લીલી ઈલાયચી તો તમે જોઈ જ હશે. ખાવાનો સ્વાદ વધારવા માટે તેનો ઉપયોગ કુકિંગ દરમ્યાન થાય છે. પણ આપને જણાવી દઈએ કે, લીલી ઈલાયચી ફક્ત ખુશ્બુ અને સ્વાદ માટે નહીં પણ કેટલાય હેલ્થ બેનિફિટ્સ માટે પણ ખાવામાં આવે છે. લીલી ઈલાયચી કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, કેલ્શિયમ, પોટેશિયમ, આયરન, મેગ્નેશિયમ, ફોસ્ફોરસ અને ફાઈબર જેવા પોષક તત્વોથી ભરપૂર થાય છે, જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. લીલી ઈલાયચી જેને ઘણા લોકો નાની ઈલાયચીના નામથી જાણવામાં આવે છે. સ્વાસ્થ્ય માટે કેટલીય રીતે ફાયદાકારક સાબિત થઈ શકે છે. હકીકતમાં જોઈએ તો, લીલી ઈલાયચીમાં એન્ટી બેક્ટીરિયલ અને એન્ટી માઈક્રોબિયલ ગુણ હોય છે, જે સ્વાસ્થ્ય સંબંધિત ઘણી બધી તકલીફો દૂર કરવામાં સારી એવી ભૂમિકા નિભાવે છે.

આવો મેડિકલ ન્યૂઝ ટુડેના જણાવ્યા અનુસાર, જાણીએ તેના ફાયદા વિશે. હાર્ટને રાખે છે સ્વસ્થ- લીલી ઈલાયચીને દરરોજ ડાયટમાં સામેલ કરવાથી આપને હ્દયની બીમારીથી બચાવી શકશે. આપને જણાવી દઈએ કે, એન્ટીઓક્સિડેન્ટ તત્વોથી ભરપૂર લીલી ઈલાયચી હાર્ટને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. તેના સેવનથી હાર્ટ રિલેટેડ પ્રોબ્લેમ હોવાથી રિસ્ક ઓછું થઈ જાય છે. ઓરલ હેલ્થને સ્વસ્થય બનાવી રાખે છે- લીલી ઈલાયચી ફક્ત મોંની દુર્ગંધને દૂર કરવામાં મદદ કરે છે. તે ઓરલ ઈંફેક્શન, કૈવિટી અને સ્વેલિંગને દૂર રાખવામાં મદદ કરે છે. ઓરલ હેલ્થને સારુ રાખવા માટે પણ આપ દરરોજ ઈલાયચી ચાવી શકો છો. લિવરને હેલ્દી રાખશે- લીલી ઈલાયચી ખાવાથી લીવરને હેલ્દી રાખવામાં મદદ મળે છે.

હકીકતમાં જોઈએ તો, લીલી ઈલાયચીમાં ડિટોક્સીફાઈંગ એજન્ટ હોય છે, જે ટોક્સિનને બહાર કાઢીને લીવર સંબંધી બીમારી હોવાનો ખતરો ઓછો કરે છે. કેન્સરને દૂર રાખે છે. કેન્સરને દૂર રાખવામાં પણ લીલી ઈલાયચીની ભૂમિકા ખૂબ જ સારી હોય છે. હકીકતમાં જોઈએ તો, લીલી ઈલાયચી એન્ટી કેન્સર પ્રોપર્ટીઝથી ભરપૂર હોય છે, જે કેન્સર સેલ્સ ઘટાડવામાં મદદ કરે છે. ત્યારે આવા સમયે ઈલાયચીના સેવનથી આપ કેન્સરને ખુદથી દૂર રાખી શકો છો. કોલેસ્ટ્રોલ અને હાઈપરટેન્શન કંટ્રોલ કરે છે.



ઘણી વખત હોઠ કાળા થઈ જવાને કારણે ચહેરો ગંદો લાગે છે. આમ તમારા હોઠ પણ કાળા થઈ ગયા છે તો આ ઉપાય તમારા માટે બેસ્ટ છે. જે કરવાથી જો કાળા હોઠને કારણે તમારી પર્સનાલિટી ખરાબ થઈ ગઈ હોય તો તમે ફરીથી તેને સુધારી શકો છો. કાળા હોઠને ગુલાબી કરવા માટે હોમ મેડ બટર અને કેસર તમારા માટે બેસ્ટ ઓપ્શન છે. જે નેચરલ મોસ્ચયુરાઈઝરનું કામ કરે છે. આ માટે તમે એક બાઉલમાં એક ચમચી કેસર નાખીને બરાબર મિક્સ કરી લો. આ પેસ્ટને ૧ મિનિટ માટે ઢાંકીને મુકી રાખો. પછી આ પેસ્ટથી હોઠ પર હળવા હાથે એક મિનિટ માટે મસાજ કરો. આ પેસ્ટ તમે રેગ્યુલર લગાવશો તો હોઠ ગુલાબી થવા લાગશે. બીટના જ્યુસથી મસાજ કરો. આ મસાજ તમે રોજ કરશો તો ધીમે ધીમે તમારા હોઠ ગુલાબી થવા લાગશે. હોઠને સોફ્ટ અને ગુલાબી કરવા માટે તમે સ્ક્રબનો ઉપયોગ કરી શકો છો. જેના માટે તમે ખાંડને કરકરી પીસી લો અને પછી નારિયેળ તેલમાં મિક્સ કરો પછી આ હોમમેડ સ્ક્રબનો ઉપયોગ કરો. પોષણની અછત અને સ્મોકિંગ જેવા અલગ અલગ કારણોને લીધે હોઠ કાળા પડી જાય છે. જેને ઘરે જ કેટલાક ઘરેલું ઉપચાર અપનાવીને ઠીક કરી શકાય છે. આ માટે તમે લીંબુ, મધ, એલોવેરા અને નારિયેળ તેલનો (કોકોનટ ઓયલ) ઉપયોગ કરી શકો છો. આજે અમે તમને કાળા હોઠ દૂર કરવાના આ ઉપાયો વિશે જણાવીશું.

# જાણો આપણા જીવનમાં પૈસા વધારે મહત્વ ધરાવે છે કે બીજુ કઈ?



જીવનમાં પૈસા મહત્વનું હોય છે તે ખરેખર સાચું છે, પરંતુ તે જીવનની એકમાત્ર મહત્વાકાંક્ષા નથી. પૈસા એક માધ્યમ છે જે આપને જીવનની વિવિધ જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરી શકે છે. પૈસાનો હાજરો હોય તો તમે રોજગાર પ્રાપ્ત કરી શકો છો, પોતાની પરિવારના સભ્યોની જરૂરિયાતોને પૂરી કરી શકો છો, સંપત્તિ વિક્રેતાઓથી નીચાની વસ્તુઓ ખરીદી શકો છો અને તમારી આવક વધારી શકો છો.

પૈસા કેવળ એક વસ્ત્રપેશી નથી, જે આપના સમાજિક સ્થાન અને આત્મવિશ્વાસને વ્યક્ત કરે છે. તમારી સંતોષ, સુખ, સંબંધો, સ્વાસ્થ્ય અને સમાન પ્રમાણે આનંદમાં પૈસાનો યોગદાન છપાવી શકે છે. તેજસ્વી જીવન સ્વરૂપી વસ્તુ બનાવવા માટે, પૈસાનો ઉપયોગ સાર્વત્રિક નથી. આપની શિક્ષા, કલા, સાંસ્કૃતિક વિકાસ, નૈતિકતા અને આત્મસાતત્ય વિકાસને પણ મહત્વ આપવું જરૂરી છે. આ દરેક આશાઓ, યોજનાઓ અને સ્વપ્રોને પૂર્ણ કરવા માટેનું પ્રયાસ કરવું જરૂરી છે.

તમારી આપણી આદતો, યોગ્યતાઓ અને સંપન્નતાને સુધારવામાં પૈસા કરાર મોટો ભાગ આપે છે, પરંતુ તેનો એકલ માધ્યમ તમારા જીવનનો એકલ માધ્યમ નથી. તમારા સતત સંપત્તિ અને યોગ્યતાને વિકસિત કરવા માટે આપને શૈક્ષણિક, વ્યાપારિક, કૌશલીક અને નીતિવચનોની વિશેષ આવશ્યકતા છે. તેમાંથી પૈસા જીવનની એક મુખ્ય અંગ છે, પરંતુ તેની સર્વેશ્વરતા હવેથી ખરી નથી.

# એસિડિટીથી કંટાળી ગયા છો? તો આ ઘરેલુ ઉપાયોથી તરત રાહત મેળવો



ખરાબ લાઈફ સ્ટાઈલ અને ખોટી આદતને કારણે લોકોને એસિડિટીની સમસ્યા વધારે થાય છે. એસિડિટીની સમસ્યાને કારણે પેટમાં બળતરા વધારે થાય છે. આ માટે એસિડિટીની સમસ્યામાંથી રાહત મેળવવી ખૂબ જરૂરી છે. એસિડિટીની સમસ્યા દિવસેને દિવસે લોકોમાં વધી રહી છે. એસિડિટીની સમસ્યામાં પેટમાં દુખાવો અને બળતરા થતી હોય છે. પેટમાં બળતરા થવાને કારણે વ્યક્તિ કંટાળી જાય છે. ઘણી વાર પેટમાં બળતરા એટલી બધી થતી હોય છે કે આપણે સહન કરી શકતા નથી. આ માટે એસિડિટીની સમસ્યામાંથી રાહત મેળવવી ખૂબ જરૂરી છે. તમને એસિડિટીની સમસ્યા વધારે થાય છે તો તમે રાત્રે તીખો ખોરાક ખાવાનું ટાળો. તીખો ખોરાક ખાવાથી એસિડિટીની સમસ્યા વધારે થાય છે. આમ, તમને એસિડિટીની સમસ્યા વધારે થાય છે તો તમે આ ઘરેલુ ઉપાયોથી રાહત મેળવો. આ ઘરેલુ ઉપાયોથી તમને તરત રાહત થઈ જશે. તમને એસિડિટીની સમસ્યા વધારે થાય છે તો તમે સૌથી પહેલાં રાત્રે મોડા જમવાનું ટાળો. રાત્રે મોડા જમવાથી એસિડિટીની સમસ્યા વધારે થાય છે. આ માટે હંમેશા સાંજનો ખોરાક વહેલા ખાઈ લો. સાંજે તમે બને ત્યાં સુધી ૭ વાગ્યા પહેલાં જમી લો. આમ કરવાથી તમને એસિડિટીની સમસ્યામાંથી રાહત મળી જશે.

એસિડિટીની સમસ્યા વધારે થાય છે તો તમે હિંગ અને કાળા મીઠાનું પાણી પીઓ. હિંગ અને કાળા મીઠાનું પાણી પીવાથી એસિડિટની સમસ્યામાંથી રાહત મળે છે. આ પાણી બનાવવા માટે સૌ પ્રથમ એક કપ પાણી મુકો અને એમાં ચપટી હિંગ અને અડધી ચમચી કાળુ મીઠું નાખો. પછી આ બન્ને વસ્તુ બરાબર ઓગળી જાય એટલે ગેસ બંધ કરી દો. હવે આ હુંફાળુ પાણી પીઓ. આ પાણી પીવાથી તમને પેટમાં રાહત થઈ જશે. આ પાણી પીવાથી એસિડિટીની સમસ્યામાંથી રાહત મળી જાય છે. તમને એસિડિટીની સમસ્યા વધારે થાય છે તો કેળા ખાવાનું રાખો. કેળા ખાવાથી પેટમાં બળતરા થતી નથી. તમે દિવસમાં બે કેળા ખાઓ છો.

# શું લીલાં મરચાં આપણા રોજિંદાઆહાર માટે ફાયદાકારક છે?



લીલાં મરચાં આપણા રોજિંદાઆહારનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે, મોટાભાગની ભારતીય વાનગીઓમાં મરચાંનો ઉપયોગ સ્વાદને વધારવા માટે કરવામાં આવે છે. તો ચાલો જાણીએ તેના ફાયદા અને ગેરફાયદા, લીલું મરચું એક એવી ખાદ્ય સામગ્રી છે જેના વિના મોટાભાગનો ખોરાક અધૂરો લાગે છે અને જો આપણે ભારતીય ખાણાંની વાત કરીએ તો લીલાં મરચાંને બિલકુલ અવગણી શકાય નહીં. આ તીખા મરચાનો ઉપયોગ દરેક વ્યક્તિ કરે છે, પરંતુ મોટાભાગના લોકો તેના ફાયદા વિશે જાણતા નથી. શાકભાજી અને કઠોળની સાથે-સાથે તેનો ઉપયોગ સલાડમાં પણ કરવામાં આવે છે. લીલાં મરચાં સ્વાસ્થ્ય માટે કેમ ફાયદાકારક છે? લીલાં મરચામાં ઘણા પ્રકારનાં પોષક તત્ત્વો જોવા મળે છે. જેમ કે વિટામિન એ, વિટામિન બી૬, વિટામિન સી, આયર્ન, કોપર, પોટેશિયમ, પ્રોટીન અને કાર્બોહાઈડ્રેટ. આટલું જ નહીં, તેમાં બીટા કેરોટીન, ક્રિપ્ટોક્સેન્થિન, લ્યુટીન-ઝેક્સાન્થિન વગેરે સ્વાસ્થ્યવર્ધક વસ્તુઓ સામેલ છે. વજન ઘટાડવામાં મદદરૂપઃ મોટાપ ાના કારણે વ્યક્તિને સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

જો તમે લીલાં મરચાંનું સેવન કરો છો, તો તે વજન વધવાની સમસ્યાથી છુટકારો મેળવવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. આંખો માટે ફાયદાકારકઃ લીલાં મરચાં આંખોને સ્વસ્થ રાખવા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. મરચામાં બીટા કેરોટીન હોય છે. જે આંખોને સ્વસ્થ રાખવાની સાથે આંખોની રોશની વધારવામાં મદદ કરે છે. સંશોધનમાં જાણવા મળ્યું છે કે લીલાં મરચામાં લ્યુટીન અને ઝેક્સાન્થિન જેવા પોષક તત્ત્વો તેમજ એન્ટીઓક્સિડેન્ટ ગુણ હોય છે. લીલાં મરચામાં જોવા મળતા આ ગુણો અને પોષક તત્ત્વો આંખના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે.

કૅન્સર સામે અસરકારકઃ મરચાંના ઉપયોગથી કૅન્સરને ઘણી હદ સુધી દૂર રાખી શકાયછે. તેમાં એન્ટિ-ઓક્સિડેન્ટ હોય છે જે તમારા શરીરની આંતરિક સફાઈની સાથે મુક્ત રેડિકલથી બચાવીને કૅન્સરનું જોખમ ઘટાડી શકો છો. જો કે કૅન્સર એક એવો રોગ છે, તેને દૂર રાખવા માટે આપણે ડૉક્ટરની સલાહ અવશ્ય લેવી જોઈએ. હૃદયને સ્વસ્થ રાખવ માટે પણ લીલાં મરચાંનું સેવન કરી શકાય છે. તેમાં એક એવું સંયોજન જોવા મળે છે, જે મરચાંને તીખા અને ગુણવત્તાસભર બનાવે છે. આ સંયોજન હૃદય રોગની સમસ્યાને દૂર કરવામાં અને હૃદયને રક્ષણ આપવા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. ત્વચા માટે ફાયદાકારકઃ વિટામિન-ઈથી ભરપૂર લીલાં મરચાં તમારી ત્વચા માટે પણ ફાયદાકરક છે. તેનાથી તમારો ચહેરો ચુસ્ત રહે છે અને ત્વચા હંમેશાં યુવાન અને સુંદર રહે છે. પાચનમાં મદદઃ સંશોધન મુજબ, લીલાં મરચાં ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઇનલ ડિસઓર્ડર પર સકારાત્મક અસર બતાવી શકે છે. વાસ્તવમાં, ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઇનલ ડિસઓર્ડરમાં અપચો, ઝાડા અને કબજિયાતનાં લક્ષણોનો સમાવેશ થાય છે, જે વિક્ષેપિત પાચન તંત્રનું પરિણામ છે.

BOLLYWOOD NEWS FLASH

**વીડિયોમાં જોઇ શકાય છે કે કિયારા અડવાણી પિંક કલરના થાઇ હાઇ સ્લિટ ડ્રેસમાં એકદમ ખૂબસૂરત અને ગ્લેમરસ લાગી રહી છે**



## કિયારાએ સૌની સામે સાસુને આપી ફ્લાઇંગ કિસ

। મુંબઈ, તા.૨૭ ।

કિયારા અડવાણી હાલમાં જ દિલ્હી ખાતે આયોજિત ફેશન શોમાં સામેલ થઈ હતી. આ શોમાં પોતાની વહુને સપોર્ટ કરવા માટે તેની સાસુમા પણ આવી હતી. આ ફેશન શોથી કિયારા અડવાણીનો એક વીડિયો સામે આવ્યો છે, જેને જોયા બાદ એક્ટ્રેસના ફેન્સ તેના પર ભરપૂર પ્રેમ વરસાવી રહ્યાં છે. વીડિયોમાં કિયારા અને તેની સાસુ વચ્ચેની ખાસ બોન્ડિંગ જોવા મળી રહી છે. વીડિયોમાં જોઈ શકાય છે કે કિયારા અડવાણી પિંક કલરના થાઈ હાઈ સ્લિટ ડ્રેસમાં એકદમ ખૂબસૂરત અને ગ્લેમરસ લાગી રહી છે. જ્યારે તે રેમ્પ પર વોક કરે છે, તો તેની સામે બેઠેલી સાસુમાને ફ્લાઈંગ કિસ આપે છે. તેવામાં સાસુ પણ વહુ કિયારાને ફ્લાઈંગ કિસ આપીને તેના પર પ્રેમ વરસાવે છે. તેવામાં ફેશન શોમાં રેમ્પ વોક કર્યા બાદ કિયારા તેની સાસુને મળે છે અને તેને હગ કરે છે. ફેન્સને સાસુ સાથે કિયારાની આ બોન્ડિંગ ખૂબ જ પસંદ આવી રહી છે. જણાવી દઈએ કે, કિયારા અડવાણી મુંબઈમાં પતિ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે રહે છે, જ્યારે તેના સાસુ-સસરા દિલ્હીમાં રહે છે. કિયારા અડવાણી હાલમાં જ રિલીઝ થયેલી ફિલ્મ 'સત્ય પ્રેમ કી કથા'માં જોવા મળી હતી, જેમાં તેની એક્ટિંગના ખૂબ વખાણ થયા હતા. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર સારો બિઝનેસ કર્યો હતો. ભૂલ ભૂલૈયા ૨ પછી સત્ય પ્રેમ કી કથામાં કાર્તિક આર્યન સાથે કિયારા અડવાણીની ઓન સ્ક્રીન જોડીને ઓડિયંસે ફરી એકવાર વખાણી છે. ચર્ચા છે કે સત્યપ્રેમ કી કથા પછી હવે કિયારા અડવાણી વોર ૨માં જોવા મળશે.

**અભિનેત્રી દિવાળીમાં શોમાં પુનરાગમન કરી શકે છે, જો કે અભિનેત્રીની એન્ટ્રી અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી**

## શો છોડ્યા બાદ દયાભાભીને ઓળખવી પણ મુશ્કેલ

। મુંબઈ, તા.૨૭ ।

તારક મહેતા કા ઉલ્ટા ચશ્માામાં દયાબેનનું પાત્ર ભજવીને ચાહકોનું મનોરંજન કરનાર અભિનેત્રી દિશા વાકાણી આ દિવસોમાં શોમાંથી ગાયબ છે. ચાહકો તેને શોમાં પાછા જોવા માંગે છે. તાજેતરમાં એવા અહેવાલો પણ આવ્યા હતા કે, અભિનેત્રી દિવાળીમાં શોમાં પુનરાગમન કરી શકે છે. જો કે અભિનેત્રીની એન્ટ્રી અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. જાહેર છે કે, દિશાએ ૨૦૧૭માં મેટરનિટી લીવ લીધી હતી. ત્યાર બાદ તે શોમાં માત્ર એક જ વાર એપિસોડ (કેમિયો) માટે જોવા મળી હતી. આ સિવાય તે શોમાંથી સતત ગાયબ છે. રજા પર ગયા બાદ તે લાઈમલાઈટમાંથી પણ ગાયબ છે. તે મીડિયા અને કેમેરાને પણ ટાળતી જોવા મળી રહી છે. જોકે, હાલમાં જ દિશા જોવા મળી હતી. તે એક ચાહકના વ્લોગમાં જોવા મળી હતી. ફેને દિશાને મળવાનો વ્લોગ પણ YouTube પર શેર કર્યો છે. આ વીડિયોમાં દિશા મેકઅપ વગર જોવા મળી રહી છે. તેણે પીળા રંગનું ટોપ અને બ્લુ પેન્ટ પહેર્યું છે. વીડિયોમાં તે એકદમ અલગ જ દેખાઈ રહી છે.



## રાજેશ ખન્નાની દીકરી રિંકીએ પોતાનો જન્મદિવસ ઉજવ્યો

। મુંબઈ, તા.૨૭ ।


રાજેશ ખન્ના બોલિવૂડના સુપરસ્ટાર હતા. ચાહકો તેની એક ઝલક મેળવવા માટે લાઈન લગાવતા હતા. જો કે રાજેશ ખન્નાને જે સ્ટારડમ મળ્યું હતું, તે તેમની દીકરીઓને ન મળી શક્યું એ અફસોસની વાત છે. ખાસ કરીને રાજેશ ખન્નાની નાની દીકરી રિંકી ખન્નાની કરિયર બોલિવૂડમાં ખરાબ રીતે ફ્લોપ રહી હતી. આજે દિવંગત અભિનેતા રાજેશ ખન્ના અને ડિમ્પલ કંપાડિયાની નાની દીકરી રિંકી ખન્ના તેનો ૪૬મો જન્મદિવસ ઉજવી રહી છે. રાજેશ ખન્ના અને ડિમ્પલ કાપડિયા તેમની મોટી દીકરી ટ્વિંકલ ખન્નાના જન્મ પર ખૂબ જ ખુશ હતા. રાજેશ ખન્ના ટ્વિંકલ પર પોતાનું જીવ ન્યોછાવર કરતાં હતા. એક્ટરે પોતાની મોટી દીકરીની આંખમાં આંસુ પણ આવવા દીધા નહોતા, પરંતુ જ્યારે રાજેશ અને ડિમ્પલ કાપડિયાની નાની દીકરી રિંકી ખન્નાનો જન્મ થયો ત્યારે વાત ઘણી અલગ હતી. રાજેશ ખન્ના પણ પોતાની નાની દીકરીનું નામ રાખવાનું ભૂલી ગયા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર રાજેશ ખન્ના સાથે લગ્ન કર્યા બાદ ડિમ્પલ ફિલ્મોથી દૂર થઈ ગઈ હતી. તેણીએ રાજેશ ખન્નાની પસંદગી મુજબ જીવન જીવવાનું શરૂ કર્યું, જોકે તેણી ઈચ્છતી હતી કે તે ફિલ્મોમાં કામ કરે. ઘણા ફિલ્મ નિર્માતાઓએ પણ તેમનો સંપર્ક કર્યો પરંતુ રાજેશ ખન્ના આ માટે તૈયાર ન હતા. લગ્નના ત્રીજા વર્ષે ડિમ્પલ તણાવમાં રહેવા લાગી હતી અને આ દરમિયાન તે બીજી વખત ગર્ભવતી બની હતી. રાજેશ ખન્નાને આશા હતી કે તેમને બીજી વખત પુત્ર થશે. પરંતુ ૨૪ જુલાઈ ૧૯૭૭ના રોજ ડિમ્પલે બીજી દીકરીને જન્મ આપ્યો.

**અવિનાશ અને શફક તેરી મેરી લવ સ્ટોરીઝના એપિસોડ સોન્ગ્સના શૂટિંગ વખતે પ્રેમમાં પડ્યા હતા**

## અવિનાશ સચદેવ બહેન શફક સાથે રિલેશનશીપમાં હતો

। મુંબઈ, તા.૨૭ ।

બિગ બોસ ઓટીટી ૨માંથી હાલમાં જ ટીવી એક્ટ્રેસ ફલક નાઝ આઉટ થઈ છે. શોમાંથી ફલક બહાર થઈ જતાં તે ઉદાસ થઈ સાથે જ તેનો ખાસ ફ્રેન્ડ અવિનાશ પણ દુઃખી થયો હતો. શોમાંથી બહાર આવતાં જ ફલકે અવિનાશ સાથેના બોન્ડ વિશે વાત કરી હતી. 'બિગ બોસ ઓટીટી ૨'ના ઘરમાં ફલક અને અવિનાશના સંબંધોની ખૂબ ચર્ચા થઈ રહી છે. અવિનાશ પોતાની લાગણીઓ ખુલીને વ્યક્ત કરી રહ્યો છે જ્યારે ફલક હજી પણ મૂંઝવણમાં છે. ફલકે અવિનાશ સાથેના સંબંધને ખાસ ગણાવ્યો છે પણ હજી તે તેને કોઈ નામ આપવા તૈયાર નથી. વળી, ભૂતકાળમાં અવિનાશ ફલકની બહેન શફકને ડેટ કરી ચૂક્યો છે તેવા રિપોર્ટ્સ છે. આ મુદ્દે પણ ફલકે વાત કરી છે. અવિનાશ સાથેના બોન્ડ વિશે વાત કરતાં ફલકે કહ્યું, "અવિનાશ સાથે મારું બોન્ડ ખાસ અને મજબૂત છે કારણકે શોની આખી જર્ની દરમિયાન એક દિવસ પણ તેણે મને એકલી નથી પડવા દીધી. હું કેટલીયવાર દુઃખી થઈ હતી પરંતુ તે હંમેશા મારી પડખે રહ્યો હતો. તે મને સમજે છે અને એ જ કારણે અમારું બોન્ડ મજબૂત થયું હતું.



## IVF થકી ટ્વિન્સની મા બનવાની હતી માહી વિજ

**બેમાંથી ફક્ત દીકરી તારા જ જીવિત રહી**

**તેણે કહ્યું હતું કે જ્યારે હું ૩૪ વર્ષની હતી ત્યારે આઈએફની ત્રણ સાયકલ મેં કરી હતી, જેનું કોઈ પરિણામ મળ્યું નહોતું**

। મુંબઈ, તા.૨૭ ।

જય ભાનુશાળી અને માહી વિજ તેમના કેરટેકરના બાળકો- ખુશી અને રાજવીરના પાલક માતા-પિતા છે, પરંતુ તેઓ ૨૦૧૯માં આઈવીએફથી તારાના જૈવિક પેરેન્ટ્સ બન્યા હતા. યૂટ્યૂબ પર ચેનલ ધરાવતી એક્ટ્રેસે હાલમાં તેની આઈવીએફ જર્ની વિશે વાત કરી હતી અને તે જુડવા બાળકો સાથે પ્રેગ્નેન્ટ હતી તેવો ખુલાસો પણ કર્યો હતો. તેણે કહ્યું હતું કે 'જ્યારે હું ૩૪ વર્ષની હતી ત્યારે આઈએફની ત્રણ સાયકલ મેં કરી હતી, જેનું કોઈ પરિણામ મળ્યું નહોતું. તે સમયે મેં ઘરે મારે બ્રેકની જરૂર હોવાનું કહ્યું



હતું. કારણ કે બેક-ટુ-બેક બધુ થઈ રહ્યું હતું અને રિઝલ્ટ મળી રહ્યું નહોતું. તે સમયે મને એટલી બધી માહિતી નહોતી. અમે માત્ર ડોક્ટર્સ પર નિર્ભર હતા. ડોક્ટર દયાળુ હતા. તેમણે મને બીજા ડોક્ટરની સારવાર લેવાની સલાહ આપી હતી. તેથી, મેં ડોક્ટર બદલ્યા હતા. પ્રક્રિયા ફરી શરૂ કરવામાં આવી હતી જ્યારે હું ૩૬ વર્ષની હતી. નવા ડોક્ટરે મારી મેડિકલ હિસ્ટ્રી જોઈ હતી અને કેમ સફળતા નથી મળી રહી તે માટે એન્ડોસ્કોપી કરાવી હતી. તેઓ મારી સાથે ઉતાવળમાં નહોતા. તમારી પાસે ૮ મીમીની મજબૂત ગર્ભાશયની લાઈન હોય તે જરૂરી છે, નબળી લાઈન બાળકને ઉઠાવી શકતી નથી. તેણે ઉમેર્યું હતું કે 'ડોક્ટરની સલાહ પર ફરીથી સાયકલ શરૂ કરવામાં આવી હતી અને તે સમયે તારા સાથે સફળ રહી હતી. હું ગુરુદ્વારા ગઈ હતી અને બધુ વાહેગુરુ પર છોડી દીધું હતું. મને થોડો તાવ હતો અને ડોક્ટરે મને ઈચ્છું તો તારીખ બદલી શકું છું તેમ કહ્યું હતું. તેમણે મને આરામ કરવાની સલાહ આપી હતી. ૨૦ દિવસ બાદ હું ચેક-અપ માટે ગઈ ત્યારે આ વખતે થઈ જ જશે તેમ લાગતું હતું. મેં મારી જય નહીં પરંતુ મારી ફ્રેન્ડના મેઈલથી રિપોર્ટ્સ મગાવ્યા હતા. પરંતુ મારી ફ્રેન્ડ સમજી શકી નહોતી અને તેણે તે જયને મોકલી દીધા હતા. જયે મને કહ્યું હતું કે, હું ટ્વિન્સ સાથે પ્રેગ્નેન્ટ છું. હું રડવા લાગી હતી. મેં આ વિશે અમારા માતા-પિતા અને ખાસ મિત્રોને જાણ કરી હતી. પહેલા ટ્રાયમેસ્ટરમાં હું સંપૂર્ણ બેડ રેસ્ટ પર હતી.

# ઝાલોદ વરોડ ટોલનાકા પર સ્થાનિક માટે ફ્રી પાસ માટે દોડધામ : પાસ ખૂટી જતાં હાલ પાસ આપવાના બંધ

## આસપાસના રહેવાસીઓ માટે ફાસ્ટેગ વગરનો રોડ ચાલુ કરવા ટોલ મેનેજરનું આયોજન

। ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ તાલુકામાં આવેલ વરોડ ટોલ પર ટોલ મેનેજર દ્વારા સ્થાનિક રહેવાસીઓ માટે ગાડીના અવરજવર માટે ફ્રી પાસ કાઢવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું, ઘણી વાર ફાસ્ટેગ માંથી પૈસા કપાઈ જવાના બનાવો બનતા વાહન ચાલકો દ્વારા ટોલનાકા પર તકરારના બનાવો બનતા હતા તેને લઈ ટોલ મેનેજર દ્વારા વાહનચાલકોના હિતને ધ્યાનમાં રાખી સ્થાનિક રહેવાસીઓના વાહનો માટે ફ્રી પાસ કાઢવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. પરંતુ વાહનચાલકોનો ફ્રી પાસ લેવા માટે ઘસારો વધતા પાસ ખૂટી જતાં જ્યાં સુધી નવાં પાસ પ્રિન્ટ થઈ નહીં આવે ત્યાં સુધી હાલ ફ્રી પાસ કાઢવાનું બંધ કરવામાં આવેલ છે.

ટોલ મેનેજર સાથે ટેલિફોનિક વાત થતાં જણાવ્યું કે સ્થાનિક મુસાફરો વાહન લઈ પહેલા જેમ અવરજવર કરતા હતા તેમજ અવરજવર ચાલુ રહેશે જ્યાં સુધી નવા પાસ પ્રિન્ટ થઈને ન આવે ત્યાં સુધી કોઈ પણ સ્થાનિક વાહનચાલકો પાસે પાસ નહીં હોય તો રોકવામાં નહીં આવે , હાલ કોઈ પણ સ્થાનિકો એ પાસ લેવા દોડાદોડી કરવી નહીં તેમ ટોલ મનેજેરે કહ્યું હતું. કોઈ પણ વાહનચાલકો માટે પાસ કાઢવા માટે કોઈ મુદત બાંધવામાં નથી આવી જેમ જેમ નવાં પાસ પ્રિન્ટ થઈને આવશે તેમ તેમ રૂટિન પ્રમાણે પાસ વાહનચાલકોને આપવામાં આવશે જેથી કોઈ પણ વાહનચાલકો એ ગાડી માટે પાસ કઢાવવા માટે દોડાદોડી કરવી નહીં. જ્યારે નવાં પાસ પ્રિન્ટ થઈને આવશે ત્યારે ફરી સ્થાનિક વાહનચાલકોને ફ્રી પાસ આપવાનું ચાલુ કરવામાં આવશે. હાલ સ્થાનિક વાહનચાલકો માટે પહેલા જેમ અવરજવર કરતા હતા તે પ્રમાણે ટોલ નાકા પરથી અવરજવર કરી સકશે.

# ૧૦ દિવસનું આતિથ્ય માણ્યા બાદ અશ્રુભીની આંખે દશામાનું કૃત્રિમ કુંડમાં વિસર્જન

## ભરૂચમાં માઁ દશામાંની પ્રતિમાના વિસર્જન માટે જે.બી. મોદી પાર્ક નજીક કુત્રિમ કુંડ તૈયાર કરવામાં આવ્યું

કેતન મહેતા
। ભરૂચ, તા.૨૭ ।



માઁ દશામાં વિસર્જનને લઈ ભરૂચ પોલીસ તેમજ ભરૂચ નગરપાલિકા તંત્ર દ્વારા ભરૂચના શક્તિનાથ વિસ્તારમાં આવેલ જે.બી. મોદી પાર્ક નજીક કુત્રિમ કુંડનું નિર્માણ કરવામાં આવ્યું હતું, ત્યારે પર્યાવરણને ધ્યાનમાં રાખી શહેરની ધર્મપ્રેમી જનતા કુત્રિમ કુંડમાં માઁ દશામાંની પ્રતિમાનું વિસર્જન કરે તેવી તત્ર દ્વારા ભક્તોને અપીલ કરવામાં આવી હતી.

હાલ પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન હિન્દુ ધર્મના ધાર્મિક તહેવારો ચાલી રહ્યા છે, ત્યારે છેલ્લા ૧૦ દિવસનું આતિથ્ય માણ્યા બાદ આજ રોજ માઁ દશામાંનું વિસર્જન હોવાથી ભરૂચ પોલીસ તેમજ પાલિકા તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ભરૂચ શહેરની ધર્મપ્રેમી જનતાને નર્મદા નદી સુધી જવું ન પડે તેમજ નર્મદા નદીનું પાણી સ્વચ્છ રહે તેવા હેતુથી ભરૂચના શક્તિનાથ વિસ્તારમાં આવેલ જે.બી. મોદી પાર્ક નજીક કુત્રિમ કુંડનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેથી સમગ્ર રાત્રી દરમ્યાન જાગરણ કરી વહેલી સવારે કુત્રિમ કુંડ ખાતે માઁ દશામાંનું ભક્તો દ્વારા વિસર્જન કરવામાં આવે તે માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી હતી.

### નગરપાલિકા દ્વારા લાઇટ અને તરાપાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી

# માઁ દશામાંનુ વિસર્જન રામસાગર તળાવ ખાતે ભક્તિભાવ પૂર્વક કરવામાં આવ્યું

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૭ ।



ઝાલોદ તાલુકામાં છેલ્લા દસ દિવસથી એટલે કે દિવાસથી માઁ દશામાંનું ભક્તિભાવ તેમજ ખુબ જ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. માદશામાંની સ્થાપના નગર તેમજ ગ્રામીણ વિસ્તારોમાં ખૂબ મોટા પ્રમાણમાં કરવામાં આવી હતી. માંઈ ભક્તો દ્વારા છેલ્લા દસ દિવસથી રોજ માંદશામાની ભક્તિમાં લીન જોવા મળતા હતા. રોજ માતાજીની પૂજા, આરતી, ભજન, કિર્તન, ગરબા કરી માતાજીની ભક્તિમાં રહેતા હતા.

દશામાંના જાગરણના દિવસે માંઈભક્તો દ્વારા મંડળીઓ દ્વારા કીર્તન કરી, મહાઆરતી તેમજ છપ્પનભોગના પ્રોગ્રામો રાખવામાં આવ્યા હતા. રાત્રિના ૧૨ વાગ્યા પછી વિવિધ મંડળો ડી.જે, ઢોલ નગારા તેમજ કંકુ ગુલાલ ઉડાવતા માતાજીના વિસર્જન માટે નગરમાં ફરી વિસર્જન યાત્રા કાઢવામાં આવી હતી. આ વિસર્જન યાત્રામાં માતાજીના ગરબા રમતા નાચતાં ઝૂમતા પણ લોકો જોવા મળતા હતા. દશામાંના વિસર્જન ટાણે રાત્રિનો સમય હોવા છતાય નગરજનો દશામાંના દર્શન માટે ઉમટી પડેલ જોવા મળેલ હતું. દસમાંના વિસર્જનના અંતિમ પળને ભક્તો આંખોમાં વસાવી લેવાં માંગતા હતા. માઈભક્તો દ્વારા ભારે હૈયે અશ્રુ ભીની આંખે માઁ દશામાંને વિસર્જન કરતા જોવા મળતા હતા. ગ્રામીણ વિસ્તારોમાં પણ ખૂબ મોટા પ્રમાણમાં ભાવિક ભક્તો દ્વારા પોત પોતાના નજીકના તળાવોમાં વિસર્જન કરવામાં આવેલ હતું.

પાલિકા તંત્ર દ્વારા પણ દશામાના વિસર્જનને લઈ ખૂબ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. નગરમાં રસ્તામા પડેલ ખાડા સમતલ કરવામાં આવેલ હતા રામસાગર તળાવ વિસ્તારમાં સાફ સફાઈ સાથે તરાપાની સુંદર વ્યવસ્થા, લાઈટિંગ વ્યવસ્થા કરવામાં આવી હતી જેથી કોઈ માઈભક્તોને કોઈ તકલીફ પડી ન હતી. રામસાગસર તળાવ દશામાંના જય જય કાર સાથે ગુંજી ઉઠેલ હતું. પોલિસ તંત્ર દ્વારા પણ ખડે પગે હાજર રહી વ્યવસ્થા જાળવી હતી.

# થરા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રવેશોત્સવ અને કોલેજના સોવેનિયર મુખપત્ર "અધીત"નું વિમોચન કરવામાં આવ્યું



। યશપાલસિંહ વાઘેલા થરા, તા.૨૭ ।

કાંકરેજ તાલુકા કેળવણી મંડળ, સંચાલિત શ્રી સેવંતીલાલ અમૃતલાલ સુરાણી વિધા સંકુલ શ્રીમતી કાન્તાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી લીલાવતી બેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કોલેજ કોલેજના બી.એ.બી.કોમ. સેમેસ્ટર-૧ અને એમ.એ.એમ. કોમ.સેમેસ્ટર-૧ના વિધાર્થી ભાઈ બહેનના કારકીર્દિ ઘડતરમાં માર્ગદર્શન અન્વયે પ્રવેશોત્સવ અને કોલેજના સોવેનિયર મુખપત્ર "અધીત"નું વિમોચન ગઈકાલે તા. ૨૭/૭/૨૦૨૩ના રોજ ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના કાર્યકારી કુલપતિ ડૉ.રોહિતકુમાર એન. દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ડી.એસ. ચારણે કાર્યક્રમના અધ્યક્ષ તથા ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દ પુષ્પ દ્વારા સ્વાગત કરેલ અને વિદ્યાર્થી જીવનમાં ધ્યેય નક્કી કરવા અને તે માટે પ્રયત્ન કરવો જોઈએ. મંડળ પ્રમૂખ ધીરજભાઈ કે. શાહ, પાલીકા સભ્ય ગીરાબેન શાહ, મંડળ મંત્રી જીતુભાઈ સી.શાહ, પાલીકા પ્રમૂખ પૃથ્વીરાજસિંહ વાઘેલા, ટ્રસ્ટી રાજેશભાઈ સોની, ભૂપેન્દ્રભાઈ ધાણ ધારા,હસમુખ ભાઈ ઝવેરી, ડૉ. હેમરાજભાઈ પટેલ,ડી.ડી. ઝાલા, યશપાલસિંહ ટી. વાઘેલા, સમકિતભાઈ શાહ, લાલજીભાઈ વણકર, રામજી ભાઈ રોહિત, એચ.એમ.દવે, રાજુભાઈ રાજપૂત તથા સ્ટાફ પરિવાર હાજર રહેલ. કાર્યક્રમનું સંચાલન મયંકભાઈ જોશીએ કર્યું હતું.

# થરા જલારામ મંદિરના પ્રાગણમાં યોજાયો વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

। થરા, તા.૨૭ ।



કાંકરેજ તાલુકાના થરા જલારામ મંદિર પરિસરમાં બગીચામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયેલ. આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ પૃથ્વીરાજસિંહ વાઘેલા, પી.એસ.આઈ. આર. જે. ચૌધરી, ડેપ્યુટી એન્જિનિયર વઢવાણા, અરવિંદભાઈ લાટી, અચરતલાલ ઠક્કર, કનુભાઈ આચાર્ય,વિજય ભાઈ ઠક્કર, અમીભાઈ દેસાઈ નિરંજનભાઈ ઠક્કર,હરગોવન ભાઈ શિરવાડિયા,રાજુભાઈ લાટી તેમજ જલારામ સત્સંગ મહિલા મંડળ થરાની તમામ બહેનોએ સાથે મળીને જલારામ મંદિર બગીચા તેમજ પ્રાગણમાં ૧૫૪ વૃક્ષો વાવીને વૃક્ષો વાવો પર્યાવરણ બચાવો કહેવતને સાર્થક કરી હતી.

### ૯ અને ૩૦ જુલાઈ દરમ્યાન પોઇચા મંદિર ખાતે

# ૪ જિલ્લાના જિલ્લા પંચાયતના ભાજપના ચૂંટાયેલા સભ્યોનો અભ્યાસ વર્ગ યોજાશે

। રાજપીપળા, તા.૨૭ ।



ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા જિલ્લા પંચાયત ના ચૂંટાયેલા સભ્યો નો અભ્યાસ વર્ગ નું આયોજન કરવામાં આવ્યું છે.ગુજરાત ના ૭ જિલ્લાઓમાં ૨૯ જુલાઈ થી અલગ અલગ તારીખો એ ૧ દિવસ નો અભ્યાસ વર્ગ રાખવામાં આવ્યો છે. જે સંદર્ભે નર્મદા જિલ્લાના નીલકંઠ ધામ પોઇચા મંદીર ખાતે નર્મદા,વડોદરા,ભરૂચ અને છોટાઉદે પુર જિલ્લા પંચાયતના ભાજપના ચૂંટાયેલા સભ્યો નો અભ્યાસ વર્ગ યોજાવા જઈ રહ્યો છે.

નર્મદા જિલ્લાના અભ્યાસવર્ગના સ્થળ પસંદગી માટે નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ પટેલે પ્રદેશ ભાજપની ટિમનું ધ્યાન દોર્યું હતું. જિલ્લા યોજાનાર ૪ જિલ્લાના જિલ્લા પંચાયત ના સભ્યો ના અભ્યાસવર્ગની વ્યવસ્થાનું માર્ગદર્શન જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ પટેલ દ્વારા કરવામાં આવી રહ્યું છે. જ્યારે અભ્યાસવર્ગની જવાબદારી રવિ દેશમુખ, ઝોનની જવાબદારી નર્મદા જિલ્લા ભાજપ મહામંત્રી નિલ રાવ અને શહેર ભાજપ મહામંત્રી અજિત પરીખ સોંપવામાં આવી છે. અભ્યાસ વર્ગ માં બે દિવસ માં ૭ સત્રો રાખવામાં આવ્યા છે જેમાં ભાજપ એ કરેલા કાર્યો, જનસંઘ થી ભાજપે કેવી રીતે કામ કર્યું તે વિશે ની માહિતી,ભાજપ ની પંચનિષ્ઠા વિશે એક સત્ર રાખવામાં આવ્યું છે.

અભ્યાસ વર્ગમાં અલગ અલગ સત્ર માં ગુજરાત પ્રદેશ દ્વારા નક્કી કરેલ વક્તાઓ બે દિવસ દરમ્યાન પોઈચા મંદિર ખાતે આવશે અને જિલ્લા પંચાયત ના ભાજપ ના ચૂંટાયેલા સભ્યો ને માર્ગદર્શન પૂરું પાડશે.આ બે દિવસ દરમ્યાન અભ્યાસ વર્ગ માંથી ૪ જિલ્લા પંચાયત ના ચૂંટાયેલા ભાજપના સભ્યો એ રાત્રી રોકાણ પણ કરવાનું આયોજન પોઈચા મંદિર ખાતે કરવામાં આવ્યું છે.નર્મદા જિલ્લાના હેડક્વાર્ટર રાજપીપલા સર્કિટ હાઉસ ખાતે વ્યવસ્થાપનની એક બેઠક પણ રવિ દેશમુખ,નિલ રાવ અને અજિત પરીખ ની અધ્યક્ષતા માં યોજાઈ હતી.

# ૧થી ૧૪ ઓગસ્ટ દરમિયાન સમગ્ર જિલ્લામાં ખાસ સફાઈ ઝુંબેશ હાથ ધરાશે : ડી.એસ.ગઢવી

। યશપાલસિંહ વાઘેલા થરા, તા.૨૭ ।



આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આગામી તા. ૯ મી ૩૦ ઓગસ્ટ દરમિયાન 'મેરી મિટ્ટી, મેરા દેશ' અભિયાન અંતર્ગત સમગ્ર દેશમાં માતૃભૂમિને વંદન કરવાની સાથે માતૃભૂમિ માટે પ્રાણ ન્યોછાવર કરનારા વીરોને પણ વંદન કરાશે. આણંદ જિલ્લામાં આ અભિયાનના સુચારૂ આયોજન અર્થે જિલ્લા કલેક્ટરશ્રી ડી.એસ. ગઢવીના અધ્યક્ષસ્થાને આજે કલેક્ટર કચેરી ખાતે બેઠક મળી હતી.

આ બેઠકમાં કલેક્ટરશ્રીએ જણાવ્યું હતુ કે, ૭૭ માં સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી આણંદ ખાતે કરવામાં આવશે. આ ઉજવણીની સાથે આ વર્ષે 'મેરી મિટ્ટી, મેરા દેશ' અભિયાન અંતર્ગત જિલ્લાના તમામ ગામોમાં અમૃત સરોવર અથવા ગામના જળાશય કે પછી શાળા/કૉલેજ કે પંચાયતના પ્રાંગણમાં દેશ માટે બલિદાન આપનારા વીર જવાનોના નામવાળી તકતી સ્થાપિત કરવામાં આવશે, તમામ શાળા, ગ્રામ પંચાયત, આરોગ્ય કેન્દ્રો તેમજ જાહેર સ્થળોએ વૃક્ષારોપણ કરવામાં આવશે, તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. કલેક્ટરશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, 'મેરી માટી, મેરા દેશ' અભિયાન દરેક ગામથી તાલુકા મથક સુધીની માટી યાત્રા યોજવામાં આવશે. ગામોની માટી ભેગી કરીને તાલુકા દિઠ એક કળશ ભરવામાં આવશે, જેને દિલ્હી પહોંચાડવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત ગામનાં બાળકો, યુવાનો અને નાગરિકો પાંચ પ્રણ માટે પણ પ્રતિજ્ઞાબદ્ધ થશે. હાથમાં માટી કે માટીનો દીવો લઈને તેઓ આ પ્રતિજ્ઞા લઈ એની સેલ્ફીને ખાસ વેબપેજ પર અપલોડ કરશે. કલેક્ટરશ્રીએ ઉપસ્થિત અધિકારીઓને આગામી તા. ૧ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન સમગ્ર જિલ્લામાં ખાસ સફાઈ ઝુંબેશ ચલાવવા આહવાન કરીને જિલ્લાની તમામ શાળાઓના બાળકોની આરોગ્ય તપાસ કરવા સુચવ્યું હતું.

# સીકર ખાતે આયોજીત વડાપ્રધાનના ક્રાયક્રમનું જીવંત પ્રસારણ ખેડા જિલ્લાના ખેડૂતોએ નિહાળ્યું

। નડિયાદ, તા.૨૭ ।



વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૭ જુલાઈના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રાજસ્થાનના સીકર ખાતેથી સમગ્ર દેશમાં ૧,૨૫,૦૦૦ પ્રધાનમંત્રી કૃષિ સમૃદ્ધિ કેન્દ્રો તથા યુરીયા ગોલ્ડ તરીકે ઓળખાતુ સલ્ફર કોટેડ યુરિયા ખાતર રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનના આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ ખેડા જિલ્લાના આશરે ૧૫૧૦ જેટલા ખેડૂતોએ ૨૬ પ્રધાનમંત્રી કૃષિ સમૃદ્ધિ કેન્દ્ર પરથી નીહાળ્યું હતું.

વડાપ્રધાન દ્વારા પીએમ કિસાન એઆઈ ચેટબોટ, જીઓ સ્પેશિયલ પોર્ટલ ફોર ડ્રોટ મોનિટરિંગનું લોન્ચિંગ પણ કરવામાં આવ્યું હતું. તેમજ પીએમ કિસાન સમૃદ્ધિ યોજના હેઠળ ૧૪મા હપ્તાના નાણા વડાપ્રધાન દ્વારા ખેડૂતોના બેંક ખાતામાં સીધા જમા કરવામાં આવ્યા.

સમગ્ર દેશમાં ખેડૂતોને એક જ છત નીચે કૃષિ વિષયક તમામ સુવિધાઓ પૂરી પડે તે હેતુથી પ્રધાનમંત્રી કૃષિ સમૃદ્ધિ કેન્દ્ર (PMKSK) શરૂ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ખેડા જિલ્લામાં જિલ્લા કક્ષાએ ૪, તાલુકા કક્ષાએ ૩૬ અને ગ્રામ્ય કક્ષાએ ૫૦ એમ કુલ ૯૦ PMKSK કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રોમાં ખેડૂતોને ગુણવત્તા યુક્ત ખાતર જંતુનાશક દવા અને બિયારણ વગેરે વ્યાજબી ભાવે મળી રહે છે. પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રોની રેક પર જંતુનાશક દવા ખાતર બિયારણ જેવા એગ્રીકલ્ચર ઈનપુટ નિર્દેશિત રહેશે. ખેડૂતો માટે બેસવાની સુવિધાઓ હશે ખાતર ખરીદી માટે POS, QR CODE, BAR CODE સ્કેનર હશે. સ્ટોકની સ્થિતિ, સહાય અને કિંમત નિદર્શીત કરતું ડીસપ્લે બોર્ડ હશે. પાક સંબંધિત સાહિત્ય, લીફ ચાર્ટ, સરકારશ્રીના સંદેશાને પ્રદર્શિત કરાશે. ખેડૂતોને મુઝવતાં પ્રશ્નોની રજૂઆત અર્થે એક હેલ્પ ડેસ્ક કાર્યરત રહેશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે દરેકે દરેક જણને મદદ કરવાની તમારી તૈયારી તમને થકવી નાખશે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. વ્યસ્ત રસ્તા પર તમે અનુભવશો કે તમે સૌથી નસીબદાર છો, કેમ કે તમારું પ્રિયપાત્ર સૌથી શ્રેષ્ઠ છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દૃઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે જેથી આખું દિવસ ખરાબ થયી શકે છે. તમારૂં બાળક જેવું તથા નિદોર્ષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તમે તમારા ભાગીદાર પર પૂરતું ધ્યાન નહીં આપો તો તે તમારાથી નારાજ થઈ જશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થૅરૅપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આર્થિક સ્થિતિ અને આર્થિક સમસ્યાઓ આમ છતાં ચિંતાનું કારણ બનશે. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો? પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. જો તમે પ્રેમ જીવન ના તાર ને મજબૂત રાખવા માંગતા હો, તો પછી ત્રીજા વ્યક્તિ ના શબ્દો સાંભળી ને તમારા પ્રેમી વિશે કોઈ મંતવ્ય ન લો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્ક્ષ રાખવી જોઈએ? બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. તમારા સમય ની કિંમત સમજો, એવા લોકો ની વચ્ચે રહેવું જેની વાતો તમે સમજી નથી શકતા તો તે ખોટું છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો તે અંગે તકેદારી રાખજો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. ઉપયોગી થવાની તમારી શક્તિને હકારાત્મક વિચારો સાથે વિકસાવો અને લોકો તરફથી મળતા સૂચનોને તમારા પરિવારના ફાયદા માટે અપનાવો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. તમારે તમારા સાથી પર ઈમોશનલ બ્લૅકમૅલનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ. આજે તમને સમજાશે કે પરિવારના ટેકાને કારણે જ તમે કામના સ્થળે સારૂં કરી રહ્યા છો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. આજે તમે ડૅટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો. આજે તમે પ્રૉજેક્ટ પૂરો કરશો ત્યારે તમને ઘણો સંતોષ મળશે- જે તમે ઘણા સમય પહેલા શરૂ કર્યો હતો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે ધ્યાન રાહત લાવશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.

# ઓગસ્ટમાં ક્રેડિટ કાર્ડથી લઇને ITRમાં સૌથી મોટા ફેરફાર થશે

**ઇન્ડિયન બેન્કની ૩૦૦-દિવસની FD પણ છે જેના હેઠળ ૫ હજારથી ૨ કરોડ રૂપિયા સુધીનું રોકાણ કરી શકાય છે અને તેમાં રોકાણ કરવાની છેલ્લી સમય ૩૧ ઓગસ્ટ છે**

। નવી દિલ્હી, તા.૨૭ ।

ઓગસ્ટ મહિનામાં પૈસા સંબંધિત ઘણા મોટા ફેરફારો થવા જઈ રહ્યા છે. આ તમારી બચત અને રોકાણોને અસર કરી શકે છે. અહીં આવા પાંચ ફેરફારો વિશે માહિતી આપવામાં આવી છે, જેમાં ખાસ ફિક્સ્ડ ડિપોઝિટ, ITR ફાઈલિંગ અને ક્રેડિટ કાર્ડ સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે. તમારે તેમના વિશે જાણવું જોઈએ. જો તમે એક્સિસ બેક્કના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરો છો અને ફ્લિપકાર્ટ પરથી ખરીદી કરો છો તો હવે તમને કેટલાક કેશબેક અને ઈન્સેટિવ પોઈન્ટ ઓછા મળશે. ખાનગી ક્ષેત્રની આ બેક્કે તેમાં ૧૨ ઓગસ્ટ ૨૦૨૩ સુધીનો ઘટાડો કર્યો છે. બેક્કની વેબસાઈટ મુજબ, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૩ થી તમે ફ્લિપકાર્ટ પર મુસાફરી સંબંધિત ખર્ચની ચૂકવણી કરવા માટે તમારા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવા પર ૧.૫ ટકા કેશબેક માટે પાત્ર બનશો.

SBIની સ્પેશિયલ એફડી સ્કીમ અમૃત કળશમાં રોકાણ કરવાની છેલ્લી તારીખ ૧૫ ઓગસ્ટ છે. આ ૪૦૦-દિવસની ટર્મ ડિપોઝિટ સ્કીમ છે, જેનો વ્યાજ દર નિયમિત ગ્રાહકો માટે ૭.૧ ટકા અને વરિષ્ઠ નાગરિકો માટે ૭.૬ ટકા હશે. આ વિશેષ FD હેઠળ સમય પહેલા ઉપાડ અને લોનની સુવિધા પણ મેળવી શકાય છે. ઈન્ડિયન બેક્ક દ્વારા ખાસ FD રજૂ કરવામાં આવી છે, જેનું નામ "IND SUPER 400 DAYS" છે. આ ૪૦૦-દિવસની ફિક્સ



ડિપોઝિટ સ્કીમ હેઠળ ૧૦,૦૦૦ રૂપિયાથી ૨ કરોડ રૂપિયાનું રોકાણ કરી શકાય છે. તેમાં રોકાણ કરવાની છેલ્લી તક ૩૧ ઓગસ્ટ ૨૦૨૩ છે. ૪૦૦-દિવસની વિશેષ FD હેઠળ સામાન્ય લોકોને ૭.૨૫% અને વરિષ્ઠ નાગરિકોને ૭.૭૫% વ્યાજ આપવામાં આવે છે. ઈન્ડિયન બેક્કની ૩૦૦-દિવસની FD પણ છે જેના હેઠળ ૫ હજારથી ૨ કરોડ રૂપિયા સુધીનું રોકાણ કરી શકાય છે અને તેમાં રોકાણ કરવાની છેલ્લી સમય ૩૧ ઓગસ્ટ છે. તે સામાન્ય લોકોને ૭.૦૫ ટકા અને વરિષ્ઠ નાગરિકોને ૭.૫૫ ટકા વ્યાજ આપે છે. જો તમે ૩૧મી જુલાઈ સુધી ITR ફાઈલ નથી કર્યું તો તમારે ઈક્મ ટેક્સ રિટર્ન ફાઈલ કરવા પર પેનલ્ટી ભરવી પડશે. ૫ હજાર રૂપિયાનો આ દંડ ૧ ઓગસ્ટ ૨૦૨૩થી લાગુ થશે. જો તમે અંતિમ તારીખ સુધીમાં તમારુ ITR ફાઈલ કરવામાં નિષ્ફળ થશો તો તમારી પાસે રિટર્ન ફાઈલ કરવા માટે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ સુધીનો સમય છે. ૩૧ જુલાઈ ...Ae ITR ફાઈલ કરવા પર ઈન્કમ ટેક્સ એક્ટ ૧૯૬૧ની કલમ 234F હેઠળ ૫,૦૦૦ રૂપિયાનો દંડ ભરવો પડશે. જો કે, જેમની વાર્ષિક આવક પાંચ લાખથી ઓછી છે, તેમણે ૧૦૦૦ રૂપિયા જમા કરાવવા ઞ પડશે. IDFC બેક્કે ૩૭૫ દિવસ અને ૪૪૪ દિવસ માટે અમૃત મહોત્સવ ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ શરૂ કરી છે, જેમાં રોકાણ કરવાની છેલ્લી તક ૧૫ ઓગસ્ટ છે. ૩૭૫ દિવસની FD પર મહત્તમ વ્યાજ ૭.૬૦ ટકા છે. ૪૪૪ દિવસની FD પર મહત્તમ વ્યાજ ૭.૭૫ ટકા છે. જો તમારી પાસે બેક્કને લગતું કોઈ કામ હોય જે બ્રાન્ચમાં ગયા વિના પૂરું ન થાય તો તેને જલદી પતાવી લો, કારણ કે ઓગસ્ટમાં બેક્કો કુલ ૧૪ દિવસ માટે બંધ રહેવાની છે.

**ન્યૂઝ બ્રિફ**

## સરકારે યુઝર્સ માટે ખતરનાક અકીરા રેન્સમવેર અંગે ચેતવણી આપી

। નવી દિલ્હી, તા.૨૭ ।

સરકારે એક વાયરસને લઈને એડવાઈઝરી જારી કરી છે અને તેનાથી સાવચેત રહેવા જણાવ્યું છે. આ ખતરનાક રેન્સમવેરનું નામ અકીરા છે. આ યુઝર્સ માટે ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે. તેઓ યુઝર્સની અંગત વિગતોની ચોરી કરીને યુઝર પાસેથી પૈસાની માંગ પણ કરી શકે છે. જો પૈસા ન આપવામાં આવે તો યુઝર્સને અલગ-અલગ રીતે બ્લેકમેલ કરી શકાય છે. હેકર્સ આ ડેટાને ડાર્ક વેબ પર વેચી શકે છે. સરકારી એજન્સી ઈન્ડિયન કોમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમે તાજેતરમાં એક એડવાઈઝરી જારી કરીને લોકોને ઈન્ટરનેટ પર આવતા નવા વાયરસથી સાવચેત રહેવા જણાવ્યું છે. આ વાયરસ પહેલા વિન્ડોઝ અને લિનક્સ સિસ્ટમ પર ચાલતી સિસ્ટમને ટારગેટ બનાવે છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે રેન્સમવેર ગ્રુપ વીપીએન સર્વિસ દ્વારા પીડિતના કોમ્પ્યુટરના ડેટાને એક્સેસ કરે છે. ખાસ કરીને જ્યાં મલ્ટિલેયર ઓથેન્ટિકેશન સક્ષમ ન હોય ત્યાં ડેટાની ઝડપી એક્સેસ પ્રદાન કરે છે. હેકર્સ હેકિંગ માટે એનિડેસ્ક, વિનરારઅને પીસીહંટર જેવા કેટલાક ખાસ ટૂલ્સનો પણ ઉપ યોગ કરી શકે છે.

**પિગકાસો વાસ્તવમાં એક ડુક્કર છે જે ચિત્રકાર પણ છે**

## ડુક્કરે બનાવ્યું એક પેઇન્ટિંગ, ખરીદવા માટે લાગી લાઈનો

। નવી દિલ્હી, તા.૨૭ ।

ભારત જેવા દેશોમાં ડુક્કરને ખૂબ જ ઘૃણાસ્પદ પ્રાણી ગણવામાં આવે છે. તમે નાના નગરોમાં રસ્તાની બાજુમાં કાદવ કે ગંદકીમાં પડેલા ભૂંડને જોશો. બાય ધ વે, મોટા શહેરોમાં પણ અમુક જગ્યાએ આવો નજારો જોવા મળે છે. પરંતુ વિદેશમાં તેમની ખૂબ કાળજી લેવામાં આવે છે. રેસ્ટોરાંમાં ડુક્કરનું માંસ ઉપલબ્ધ છે અને લોકો તેને ખૂબ જ ઉત્સાહથી ખાય છે. પરંતુ દરેક ડુક્કર માત્ર લોકોને ખવડાવવા માટે નથી. આ ડુક્કર બિલકુલ નથી જેના વિશે આપણે વાત કરવા જઈ રહ્યા છીએ. એક આર્ટિસ્ટ પિગ (પેઈન્ટર પિગ



સાઉથ આફ્રિકા) આ દિવસોમાં ખૂબ ચર્ચામાં છે, જે મોંમાંથી પેઈન્ટ બ્રશ પકડીને કેનવાસ પર પેઈન્ટ કરે છે. અહેવાલ મુજબ, દક્ષિણ આફ્રિકાની ફ્રેન્સચોક વેલીની ૫૦ વર્ષીય જોઆન લેફસન અને તેની ‘પિગકાસો’ ઘણી ફેમસ થઈ ગઈ છે. જોઆને ૫ વર્ષ પહેલા ૨૦૧૬માં કેપ ટાઉનના એક કતલખાનામાંથી ’પિગકાસો’ને બચાવ્યો હતો જ્યાં તેને કતલ કરવા લઈ જવામાં આવી રહી હતી.

**પાકિસ્તાનમાંથી અંજૂનો વધુ એક વીડિયો સામે આવ્યો**

## પાકિસ્તાનમાં અંજૂ તેના ફ્રેન્ડ સાથે ડિનર કરતી જોવા મળી

**રાજસ્થાનના અલવરથી પોતાના ફેસબુક ફ્રેંડ નસરુલ્લાહને મળવા પાકિસ્તાન ગયેલી અંજૂની સુરક્ષા માટે પોલીસ ટીમ ઘર પર લગાવી છે**

। નવી દિલ્હી, તા.૨૭ ।

ભારતમાંથી પાકિસ્તાનમાં ગયેલી અંજૂ હાલમાં ખૂબ જ ચર્ચામાં છવાયેલી છે. આ દરમ્યાન અંજૂનો વધુ એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેમાં તે પોતાના પ્રેમી નસરુલ્લાહ અને તેના અમુક દોસ્તો સાથે ભોજન લઈ રહી છે. વાયરલ વીડિયોમાં અંજૂ, નસરુલ્લાહ અને તેના દોસ્ત તથઆ બ્લોગર નોમી ખાન ઉપરાંત કેટલાય અન્ય લોકો એક ટેબલ પર ભોજન લઈ રહ્યા છે. આ વીડિયોને પાકિસ્તાની ચેનલના પત્રકાર દિલીપ કુમાર ખત્રીએ શેર કર્યો છે. રાજસ્થાનના અલવરથી પોતાના ફેસબુક ફ્રેંડ નસરુલ્લાહને મળવા પાકિસ્તાન ગયેલી અંજૂની સુરક્ષા માટે પોલીસ ટીમ ઘર પર લગાવી છે. પાકિસ્તાનના ખૈબૂર પખ્તૂનખ્વા રાજ્યના ઉપરી દીર જિલ્લાના એસપીએ કહ્યું હતું કે, અંજૂના ભારતથી આવ્યા બાદ તેની સાથે પુછપરછ કરવામાં આવી છે. અંજૂને ૨૧ ઓગસ્ટથી પહેલા ભારત મોકલવા માટે નસરુલ્લાને સૂચના અપાઈ છે. આપને જણાવી દઈએ કે, અંજૂએ પોતાના ફેસબુક ફ્રેંડ નસરુલ્લાહને મળવા માટે પતિ અને બે બાળકોને છોડીને પાકિસ્તાન પહોંચી ગઈ હતી. અંજૂએ પાકિસ્તાન જવા માટે પ્લાન બનાવ્યો હતો. અંજૂએ પાકિસ્તાન જવાની વાતની જાણ પતિને નહોતી કરી.

**મકાઈ ખાવા માટે પશુને માર્યો માર**

## યુપીનો ખેડૂત ઘાયલ ભેંસ લઈને જ પહોંચ્યો પોલીસ સ્ટેશન

। નવી દિલ્હી, તા.૨૭ ।

ઉત્તર પ્રદેશના કન્નૌજ જિલ્લામાં તાજેતરમાં એક વિચિત્ર કિસ્સો હેડલાઈન્સ બની રહ્યો છે જ્યારે એક યુવક અને તેની ભેંસને લઈને કોતવાલી પોલીસ સ્ટેશનમાં પહોંચ્યા હતા. તેઓ સ્ટેશન પર પહોંચ્યા અને માણસે તેની ભેંસને ત્યાં બાંધી દીધી અને રડવા લાગ્યો. તિરવા કોતવાલી વિસ્તારના આહેર ગામનો રહેવાસી સંતોષ તેની ભેંસ લઈને પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. અહેવાલો અનુસાર, ગામના જ એક ખેડૂતના ખેતરમાંથી ભેંસોએ થોડી માત્રામાં મકાઈ ખાધી હતી. જેના કારણે ખેડૂતે ભેંસને કાંટાળી



તારથી બાંધી બેફામ માર માર્યો હતો. જ્યારે ભેંસના માલિકને આ બાબતની જાણ થઈ ત્યારે તેણે કોઈક રીતે તેની ભેંસને છોડાવી હતી. આ પછી, તે સ્થાનિક પોલીસ સ્ટેશન ગયો અને આ ઘટના અંગે ફરિયાદ નોંધાવી. પીડિત ખેડૂત પુરાવા તરીકે તેની ભેંસ સાથે પોલીસ સ્ટેશન ગયો અને ઘટનાની જાણ કરી. તેણે કહ્યું કે જ્યારે તેની ભેંસ આ વિસ્તારમાં ફરતી હતી ત્યારે તે વિનય નામના યુવકના ખેતરમાં ગઈ હતી.

**દેખાવે ખૂબ જ વિચિત્ર ફળ**

## બુદ્ધા હૈંડ ફળ સર્જરીના દુખાવા સહિત અનેક બીમારી મટાડી દેશે

**ઈંફેક્શન થવા દેતું નથી- બુદ્ધા હેન્ડ કેટલાય પ્રકારના ઈંફેક્શનને શરીરમાં થતાં રોકે છે, બુદ્ધા હેન્ડ ઈમ્યુનિટીને બૂસ્ટ કરે છે**

। નવી દિલ્હી, તા.૨૭ ।

બુદ્ધા હૈંડ ફળનું નામ કેટલા લોકોએ સાંભળ્યું છે? આપણામાંથી અનેક લોકોએ આ ફળનું નામ સાંભળ્યું નહીં હોય. પણ આ ફળ ભારત અને ચીનના અમુક ભાગમાં જ મળે છે. ભારતના નોર્થ ઈસ્ટમાં આ અનોખું ફળ જોવા મળે છે. આ ફળ ભગવાન બુદ્ધની ધ્યાન મુદ્રાવાળા હાથની માફક હોય છે. એટલા માટે તેને બુદ્ધા હૈંડ કહેવાય છે. બુદ્ધા હેન્ડને બુશુકાન પણ કહેવાય છે. ટીઓઆઈના રિપોર્ટ અનુસાર, બુદ્ધા હેન્ડ સાઈટ્રસ ફ્રુટ હોય છે એટલે કે વિટામિન સીથી ભરપૂર હોય છે. તેનો રંગ લીંબૂની છાલ જેવો હોય છે. આ સુગંધી ફળ છે. આ ફલનો જામ અને મુરબ્બો બનાવામાં આવે છે. બુદ્ધા હેન્ડથી પરફ્યૂમ પણ બનાવામાં આવે છે. બુદ્ધા હેન્ડ કેટલીય બીમારીઓમાં રામબાણની માફક કામ કરે છે. પેન રિલીફ- ન્યૂઝ બાઈટના જણાવ્યા અનુસાર બુદ્ધા હેન્ડનો ઉપયોગ કેટલાય પ્રકારના દુખાવામાં થાય છે. નોર્થ ઈસ્ટમાં દુખાવામાં તેનો ઉપયોગ સદીઓથી થતો આવ્યો છે. બુદ્ધા હેન્ડમાં પેન રિલીવિંગ એજન્ટ કોમારિન, બર્ગાપ્ટેન, ડાયોસમિન અને લિમોનિન જોવા મળે છે. તે એન્ટી ઈંફલામેટરી ગુણથી ભરેલ હોય છે, જે દરેક પ્રકારના સોજા ઓછા કરે છે. પછી તે સ્કીનમાં ક્યાં કટ લાગ્યા, ઈજા થઈ હોય કે સર્જરી, દરેક પ્રકારના દુખાવામાં તેનો ઉપયોગ થાય છે.

## પૃથ્વી પર સૌથી લાંબુ આયુષ્ય ધરાવતા ૬ જીવો

। નવી દિલ્હી, તા.૨૭ ।

દુનિયામાં ઘણા એવા જીવો છે, જેમની ઉંમર ઘણી લાંબી છે. આર્કટિક સમુદ્રમાં રહેતી બોહેડ વ્હેલ ૨૦૦ વર્ષથી વધુ જીવી શકે છે. અત્યાર સુધી સૌથી લાંબી જીવતી વ્હેલ ૨૧૧ વર્ષ જીવતી હતી. ધનુષ્યના સૌથી નજીકના સંબંધી, મિંક વ્હેલ, ૬૦ વર્ષ સુધી જીવી શકે છે. ગાલાપાગોસ જાયન્ટ કાચબો સરેરાશ ૨૦૦ થી ૨૫૦ વર્ષ જીવે છે. ૨૦૦૬માં અદ્વૈત નામના મેલ ટર્ટલનું ૨૨૫ વર્ષની વયે અવસાન થયું હતું. આજે ફક્ત ૧૫,૦૦૦ જંગલી જ બચ્યા છે. ગાલાપાગોસ કાચબો સાત ગાલાપાગોસ ટાપુઓ પર રહે છે અને ઘણીવાર પ્રવાસીઓ તેમની મુલાકાત લે છે. જો કે, કેટલાકનો અંદાજ છે કે વિશાળ કાચબો ૪૦૦ થી ૫૦૦ વર્ષ સુધી જીવી શકે છે. કોઈ કાર્પ માછલી નાની પણ પાળેલી માછલી છે. તે સામાન્ય રીતે સુશોભન માટે વપરાય છે. આ પ્રજાતિની અત્યાર સુધીની સૌથી જૂની માછલી જાપાનમાં મળી હતી, જેનું મૃત્યુ ૧૭૭૭માં થયું હતું. ત્યારે તેમની ઉંમર ૨૨૬ વર્ષ૭ની૭ હતી. આ માછલીની કિંમત સાંભળીને તમે ચોંકી જશો. થોડા વર્ષો પહેલા કોઈ કોર્પ ૧.૮ મિલિયન ડોલરમાં વેચાઈ હતી.

**આફ્રિકન દેશ નાઇઝરમાં બળવો**

## સેનાએ રાષ્ટ્રપતિની કરી ધરપકડ, અમેરિકાએ ચિંતા વ્યક્ત કરી છે

**આફ્રિકન દેશ નાઇજરમાં સૈનિકોએ ૨૬ જુલાઈએ મોડી રાત્રે રાષ્ટ્રપતિ Mohamed Bazoum ને સત્તા પરથી હટાવી દીધા છે**

। નવી દિલ્હી, તા.૨૭ ।

આફ્રિકન દેશ નાઈજરમાં સૈનિકોએ બુધવારે (૨૬ જુલાઈ) મોડી રાત્રે રાષ્ટ્રપતિ Mohamed Bazoum ને સત્તા પરથી હટાવી દીધા છે. સૈનિકોએ રાષ્ટ્રપતિ મોહમ્મદ બઝૌમને સત્તા પરથી હટાવવાનો દાવો કર્યો હતો. નાઈજર સૈનિકો દ્વારા જાહેરાતના થોડા કલાકો પછી રાષ્ટ્રપતિની સુરક્ષામાં રહેલા સુરક્ષા કર્મીએ બઝૌમને તેમના સત્તાવાર નિવાસસ્થાને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય ટેલિવિઝન પર પ્રસારિત એક નિવેદનમાં કર્નલ-મેજર અમાદૌ અબ્દ્રમાને કહ્યું હતું કે "સંરક્ષણ અને સુરક્ષા દળોએ એ શાસનને ખત્મ કરવાનો નિર્ણય લીધો હતો જેનાથી તમે પરિચિત છો. આ સુરક્ષામાં સતત થઈ રહેલો ઘટાડો, ખરાબ સામાજિક અને આર્થિક વ્યવસ્થાનું પરિણામ છે. નાઈજર સૈનિકોએ કહ્યું હતું કે દેશની સરહદો બંધ કરી દેવામાં આવી છે અને દેશવ્યાપી કર્ફ્યુ જાહેર કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે દેશની તમામ સંસ્થાઓ પર પણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. જ્યારે કર્નલ-મેજર અબ્દ્રમાને તેમનું નિવેદન વાંચી રહ્યા હતા ત્યારે તેમની બાજુમાં અન્ય નવ અધિકારીઓ હાજર હતા. આ જૂથ પોતાને દેશની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ કહે છે. તેમણે કોઈપણ વિદેશી હસ્તક્ષેપ વિરુદ્ધ ચેતવણી પણ આપી હતી. બળવાના પ્રયાસના એક દિવસ પહેલા રાષ્ટ્રપતિએ અહેવાલ આપ્યો હતો કે કુલીન ગાર્ડ યુનિટના સભ્યો પ્રજાસત્તાક વિરોધી પ્રદર્શનમાં સામેલ હતા.

**વિશેષ**

**વડોદરા જિલ્લાનો કાર્યક્રમ કાયાવરોહણમાં યોજાયોઃ જિલ્લાને કુલ ૧૨૦ પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રોની ભેટ મળી**

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનથી ૧.૨૫ લાખ ‘પીએમ કિસાન સમૃદ્ધિ કેન્દ્ર’ રાષ્ટ્રને સમર્પિત કર્યા

**જિલ્લા કક્ષાએ આઠ, તાલુકા કક્ષાએ ૩૦ અને ગ્રામ્ય કક્ષાએ ૮૨ સહિત કુલ ૧૨૦ પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો વડોદરા જિલ્લાને મળ્યા**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજસ્થાનના સિકર ખાતેથી સમગ્ર દેશમાં ૧.૨૫ લાખ પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો, ૧૫૦૦ એફ. પી. ઓ., સલ્ફર કોટેડ યુરિયા- યુરિયા ગોલ્ડની રાષ્ટ્રને ભેટ આપી છે. પ્રધાનમંત્રીશ્રીએ રીમોટનું બટન દબાવીને દેશના સાડા આઠ કરોડ ખેડૂતોના બેંક ખાતામાં ૧૪મા હપ્તાના પીએમ કિસાન સન્માન નિધિના નાણાં કુલ રૂ. ૧૭ હજાર કરોડ સીધા ટ્રાન્સફર કર્યા હતા.

વડોદરા જિલ્લાના ૧.૧૦ લાખ ખેડૂતોના બેંક ખાતામાં પીએમ કિસાન સન્માન નિધિના ૧૪મા હપ્તા પેટે રૂ.૨૧ કરોડની રાશિ જમા કરવામાં આવી છે. અગાઉ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર દ્વારા ૧૩ હપ્તામાં કુલ રૂ. ૪૩૪ કરોડની રાશિ જમા કરાવવામાં આવી છે. આમ, વડોદરા જિલ્લામાં અત્યાર સુધી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ કુલ રૂ.૪૫૫ કરોડની માતબર રકમ ખેડૂતોના બેક્ક ખાતામાં સીધે સીધી જમા કરવામાં આવી છે. પ્રધાનમંત્રીશ્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ વડોદરા જિલ્લાના કાયાવરોહણ ખાતે બ્રહમેશ્વર યોગ મંદિર



ખાતે યોજાયું હતું. આ કાર્યક્રમમાં વડોદરા જિલ્લાને કુલ ૧૨૦ પ્રધાનમંત્રી કૃષિ સમૃદ્ધિ કેન્દ્રોની ભેટ મળી છે. વડોદરા જિલ્લામાં જિલ્લા કક્ષાએ આઠ, તાલુકા કક્ષાએ ૩૦ અને ગ્રામ્ય કક્ષાએ ૮૨ સહિત કુલ ૧૨૦ પ્રધાનમંત્રી કૃષિ સમૃદ્ધિ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. જિલ્લામાં વધુ ૧૦૫ આવા કેન્દ્રો શરૂ કરવાની કામગીરી પ્રગતિમાં છે, જે આગામી સમયમાં શરૂ થશે. ખેડૂતોને એક જ છત નીચે કૃષિ વિષયક તમામ સુવિધાઓ પૂરી પાડવાના હેતુસર સમગ્ર દેશમાં ‘પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્ર’ શરુ કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રોમાં ખેડૂતોને ગુણવત્તાયુક્ત ખાતર, જંતુનાશક દવા, બિયારણ વગેરે વ્યાજબી ભાવે મળી રહેશે. આ કેન્દ્રો ઉપર ખેડૂત જમીન, બિયારણ અને ખાતર પરીક્ષણ માટેની સુવિધાને સાંકળવામાં આવશે. જેનો સીધો લાભ ખેડૂતો લઈ શકશે. તેમજ ખેડૂતની જરૂરીયાત મુજબના નાના-મોટા ખેત ઓજારો તથા ડ્રોન માટે કસ્ટમ હાયરીંગ સેન્ટરની સુવિધા પણ ખેડૂતોને ઉપલબ્ધ કરાવવામાં આવશે.

પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્ર પરથી ખેડૂતને ખેતી વિષયક અદ્યતન ખેત પદ્ધતિ/નવી ટેકનોલોજી/નવા સંશોધનો અને ભલામણો બાબતે માહીતગાર કરી જાગૃત કરવામાં આવશે. ખેડૂતોને સીધી અસર કરતી સરકારી યોજનાઓ કેન્દ્રો પર પ્રદર્શિત કરવામાં આવશે. જૈવિક ખાતરો અને સૂક્ષ્મ પોષકતત્વો સહિત ખાતરોના સંતુલિત ઉપયોગ અંગે ખેડૂતોમાં જાગૃતિ લાવવામાં પણ આ કેન્દ્રો ઉપયોગી થશે. પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો બજારના અગ્રણી સ્થાનો પર અથવા ગામો અથવા બ્લોક્સમાં કૃષિ મંડીઓની નજીક હશે, જેથી ખેડૂતો મુશ્કેલી વિના તેનો ઉપયોગ કરી શકે. તેમાં ૫૦ થી ૧૦૦ જેટલા ખેડૂતોને સમાવવાની જગ્યા હશે. જેથી કરીને તેઓ પ્રદર્શિત ઉત્પાદનોને જોઈ શકે. કેન્દ્રોમાં પ્રિન્ટર અને ઈન્ટરનેટ કનેક્શન સાથેના કોમ્પ્યુટર અને એલઈડી સ્ક્રીન, સ્માર્ટ ટી.વી.જેવા જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સગવડ હશે. ઉપરાંત ખેડૂતોને મૂંઝવતાં પ્રશ્નોની રજૂઆત અર્થે એક હેલ્પ ડેસ્ક સહિત કોમન સર્વિસ સેન્ટરની પણ સુવિધા રાખવામાં આવી છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી અશોકભાઈ પટેલે જણાવ્યું કે ખેતીમાં ઉત્પાદન અને ગુણવત્તા વધારો થાય તે માટે કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર તરફથી અનેક પગલાં લેવાયા છે. આ વર્ષ જ્યારે આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઉજવાય રહ્યું છે ત્યારે ખેડૂતોએ મિલેટ ની ખેતીને સ્વીકારી છે તે વાતનો આનંદ છે. ધારાસભ્ય શ્રી શૈલેશ મહેતાએ પ્રાસંગિક ઉદબોધન આપતા જણાવ્યું કે પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ખેડૂતોની સમસ્યાઓનો ત્વરિત નિકાલ થાય અને ખેડૂતોની નાનામાં નાની જરૂરિયાતો સંતોષાય તેને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આજે ખેડૂતોની આવક બમણી થઈ છે, સુવિધા વધી રહી અને ખેડૂતો સમૃદ્ધ બની રહ્યા છે. આ પ્રસંગે અગ્રણી ડો. વી. જે. બ્રહ્મભટ્ટ, શ્રી નીરવભાઈ પટેલ, કાયાવરોહણના સરપંચશ્રી હિતેષભાઈ રાઠોડ, વડોદરા વિભાગના સંયુક્ત ખેતી નિયામકશ્રી એમ. એમ. પટેલ સહિત કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ, વિવિધ કંપનીઓના પ્રતિનિધિશ્રીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# જોધપુર અને સરખેજ વોર્ડમાં દબાણ હટાવવા મેગા ડ્રાઇવ હાથ ધરાઈ

## ઉત્તર-પશ્ચિમ ઝોનમાં તંત્રએ આવા હોટસ્પોટ પરથી દબાણ દૂર કરીને લોકોને હાશકારો આપ્યો છે

। અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદ શહેરમાં ટ્રાફિકના પ્રશ્નો દિન-પ્રતિદિન વિકટ બનતા જાય છે. વસ્તીનાં પ્રમાણમાં અંગત વાહનોનો વપરાશ સતત વધતો જતો હોઈ વિશાળ રોડ પણ સાંકડા પડી રહ્યા છે. જોકે અનેક વાહનચાલકો રોડ પર આડેધડ પોતાનાં વાહન પાર્ક કરીને ઓફિસના કામે કે શોપિંગ માટે નીકળી જતા હોઈ રોડ વધુ સાંકડા થાય છે. જોકે મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓએ ટ્રાફિક જામની સમસ્યાનાં નિરાકરણ માટે ગેરકાયદે પાર્કિંગને લગતા હોટસ્પોટને ટાર્ગેટ કર્યા છે અને ખાસ કરીને ઉત્તર-પશ્ચિમ ઝોનમાં તંત્રએ આવા હોટસ્પોટ પરથી દબાણ દૂર કરીને લોકોને હાશકારો આપ્યો છે. ઉત્તર-પશ્ચિમ ઝોનમાં કેશવબાગથી માનસી સર્કલ, જજીસ બંગલોથી પકવાન ચાર રસ્તા અને ઈસ્કોન ચાર રસ્તાથી ગોતા ચાર રસ્તા થઈ વૈષ્ણોદેવી સર્કલ સુધીના રોડ પર ગઈ કાલે મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગે ખાસ અભિયાન હાથ ધર્યું હતું. ટ્રાફિક પોલીસને સાથે રાખીને કરવામાં આવેલા આ અભિયાન હેઠળ તંત્રએ દબાણ દૂર કરવાની કામગીરીમાં સપાટો બોલાવ્યો હતો અને ગેરકાયદે પાર્ક કરેલાં વાહનને લોક માર્યાં હતાં. આમાં ગેરકાયદે પાર્ક થતી રિક્ષાઓને પણ દૂર કરાઈ હતી.



આ સાથે પ્રભાત ચોક ચાર રસ્તા, ડમરુ ચાર રસ્તા, જજીસ બંગલો ચાર રસ્તા અને પકવાન ચાર રસ્તા પરથી દબાણો દૂર કરાતાં વાહન વ્યવહાર સરળ બન્યો હતો. હાઈકોર્ટ સમક્ષ તાજેતરમાં થયેલી પીઆઈએલ હેઠળ રોડ પરનાં લૂઝ દબાણ તેમજ વાહનને લોક કરીને એસ્ટેટ વિભાગની ટીમે રૂ. ૩૫,૫૦૦નો દંડ વસૂલ્યો હતો. ૧૫ ગાડી, ૪૪ બોર્ડ-બેનર તેમજ ૯૯ પરચૂરણ માલસામાન જપ્ત કરવામાં આવ્યો હતો અને રોડ પરનાં ૭૫ વાહનને તાળાં મરાયાં હતાં. આ ઉપરાંત દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં એસ્ટેટ વિભાગની ટીમે ટ્રાફિક પોલીસની સાથે રહીને જોધપુર વોર્ડ અને સરખેજ વોર્ડમાં દબાણ હટાવવા મેગા ડ્રાઇવ હાથ ધરી હતી. આ સાથે ઈસ્કોન સર્કલથી કર્ણાવતી ક્લબ ચાર રસ્તા, પી સર્કલ ચાર રસ્તા થઈ ઉજાલા સર્કલ સુધીના એસજી હાઈવેના બંને તરફના સર્વિસ રોડ સહિતના રોડ પરથી તંત્રએ ૧૧ લારી, ૨ ટેમ્પો, ૨ ગલ્લા, ૩ છત્રી, ૮ પ્લાસ્ટિક ટેબલ, ૧૬ પ્લાસ્ટિક ખુરશી, ૩ ગેસના બાટલા, ૧૨ પ્લાસ્ટિક કેરેટ અને ૨૪૭ પરચૂરણ માલસામાન મળીને કુલ ૩૦૪ માલસામાન જપ્ત કરાયો હતો.

### ન્યૂઝ બ્રિફ

## ધારીના લાખાપાદર શેલ નદીમાં ત્રણ વ્યક્તિના ડૂબી જવાથી મોત

। અમરેલી, તા.૨૭ ।

ધારીના લાખાપાદર શેલ નદીમાં ત્રણ વ્યક્તિના ડૂબી જવાથી મોત નિપજ્યા છે. અહીં નદીમાં ન્હાવા આવેલ ત્રણેય વ્યક્તિઓના ડૂબી જવાથી મોત નિપજતા અરેરાટી મચી ગઈ છે. લાખપાદર બુધેશ્વર મહાદેવના મંદિર નજીક શેલ નદીમાં આ ગોઝારી ઘટના બની છે. અમરેલી ગામના કિશોરભાઈ ડાંગર, રાજવીર ડાંગર અને ગોરલબેન ડાંગરના ડૂબી જવાથી મોત નિપજ્યા હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. સ્થાનિકો દ્વારા ત્રણેય વ્યક્તિના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા ગામના સ્થાનિકો અને પોલીસ ઘટના સ્થળે પહોંચી છે. ત્રણેય વ્યક્તિઓના મૃતદેહને પીએમ માટે ચલાલા લઈ જવામા આવ્યા છે.

## સુરતમાં રિક્ષામાં સ્ટંટ કરતા બે સગીર સહિત પાંચની અટકાયત

। સુરત, તા.૨૭ ।

રિક્ષામાં અલગ અલગ સ્ટંટ કરતા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા જ પોલીસ એક્શનમાં આવી હતી. ત્યારે પોલીસે બે સગીર સહિત પાંચ યુવકોની અટકાયત કરી રિક્ષા જપ્ત કરી હતી. ફોલોવર્સ વધારવા અને વીડિયો ના વ્યૂ વધારવા ઘણી વખત યુવાનો પોતાના જીવને જોખમમાં મૂકતા હોય છે અને આવા વીડિયો વાયરલ થયા બાદ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. સુરતના ઉધના-નવસારી રોડ પર જોખમી રીતે રીક્ષા ચલાવતા યુવકનો વીડિયો વાયરલ થયો હતો. જેમાં કેટલાક યુવાકો જરૂરી રિક્ષામાં અલગ અલગ સ્ટંટ કરતા હતા. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા જ પોલીસ એક્શનમાં આવી હતી અને બે સગીર સહિત પાંચ યુવકોની અટકાયત કરી રિક્ષા પણ જપ્ત કરવામાં આવી હતી. વાયરલ થયેલા વીડિયોમાં રીક્ષાનો નંબર દેખાતો હોવાના કારણે પોલીસે રજિસ્ટ્રેશન નંબર પરથી રીક્ષાના માલિકની માહિતી મેળવી હતી.

## ઉધના અને પાંડેસરામાં પાણી અને મચ્છરજન્ય રોગચાળો ફેલાયા

। સુરત, તા.૨૭ ।

વરસાદી પાણી ભરાયેલા રહેતા સુરતમાં રોગચાળો વકર્યો છે. સુરતના ઉધના, પાંડેસરા, વડોદમાં પાણી અને મચ્છરજન્ય રોગચાળાના અનેક દર્દીઓ સામે આવ્યા છે. ગણેશનગર, અને શાસ્ત્રીનગર વિસ્તારમમાં ઝાડા ઉલટીના સંખ્યાબંધ દર્દીઓ નોંધાયા છે. સુરત મહાનગર પાલિકાના સરકારી ચોપડે કમળના ૮, ટાઈફોઈડના ૩૮, મેલેરિયાના ૭૧ અને ડેન્ગ્યૂના ૯ દર્દી નોંધાયા છે. જો કે ખાનગી હોસ્પિટલોમાં અનેકગણા દર્દી સારવાર લઈ રહ્યાં છે. બાળકોમાં ઝાડા-ઉલટી અને તાવની બીમારી વધારે પ્રસરતા વાલીઓ ચિંતામાં મુકાયા છે.સુરતમાં રોગચાળો વકરતા જ મનપાનું આરોગ્ય તંત્ર પણ એક્શનમાં આવ્યું છે. ઉધના અને પાંડેસરામાં મનપાની ૨૦ જેટલી મોબાઈલ મેડિકલ વાનની મદદથી લોકોને સ્થળ જ પર જ સારવાર આપવામાં આવી છે. આ ઉપરાંત ક્લોરિનની ટીકડીઓનું વિતરણ કરાય છે.

### અમદાવાદમાં વધુ એક નબીરાએ સર્જ્યો અકસ્માત

## નશામાં ધૂત કારચાલકની અકસ્માત બાદ અટકાયત કરવામાં આવી હતી

### સ્થાનિક લોકોએ તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે રોકાયો નહી અને બેદરકારીપૂર્વક કાર ચલાવતા ફૂટપાથ સાથે ટકરાયો હતો

। અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદમાં વધુ એક નબીરાએ અકસ્માત સર્જ્યો હતો. મળતી જાણકારી અનુસાર, અમદાવાદમાં વધુ એક નબીરાએ અકસ્માત સર્જાયો હતો. શહેરના માણેકબાગ વિસ્તારમાં બીએમડબલ્યૂ કાર ચાલકે અકસ્માત સર્જ્યો હતો. GJ-01-KA-6566 નંબરની BMW કારે અકસ્માત સર્જ્યો હતો. જજીસ બંગલોથી માણેકબાગ વચ્ચે નશામાં ધૂત BMW કાર ચાલકે અકસ્માત સર્જ્યો હતો.




જોકે આ અકસ્માત કોઈ જાનહાનિ થઈ નહોતી. નબીરા વાહનચાલકની અટકાયત કરવામાં આવી હતી. અમદાવાદમાં મ્સ્ઉ કાર ચાલકે દારૂના નશામાં કાર જજીસ બંગલાથી લઈને માણેકબાગ સુધી બેફામ કાર ચલાવી હતી. કાર ચાલકનો સેટેલાઈટ પોલીસે પીછો કરતાં તેને માણેકબાગથી ઝડપી પાડ્યો હતો. કાર ચાલક કમલેશ વિષ્ણુ ભાઈ બિશ્નોઇ નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. કાર ચાલક નશાની હાલતમાં કાર ચલાવી રહ્યો હતો. રાત્રી દરમિયાન કારચાલક કમલેશ આંબાવાડી પોસ્ટ ઓફિસ પાસે જઈ રહ્યો હતો. તે કાર સર્પાકાર રીતે ચલાવી રહ્યો હતો.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે સ્લોવાકિયા ગણરાજ્યના પદનામિત ભારતીય રાજદૂત અપૂર્વા શ્રીવાસ્તવ

। ગાંધીનગર, તા.૨૭ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત શ્રીમતી અપૂર્વા શ્રીવાસ્તવે ગાંધીનગરમાં લીધી હતી. શ્રીમતી અપૂર્વા શ્રીવાસ્તવ યુરોપીયમહાદ્વિપનારાષ્ટ્રસ્લોવાકિયા રિપબ્લીક ખાતે ભારતીય રાજદૂત તરીકે નિયુક્ત થયેલા છે. તેમણે આ પદભાર સંભાળતા પૂર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્રના નેતૃત્વમાં ભારત અને સ્લોવાકિયાના દ્વિપક્ષીય સંબંધો અને આર્થિક સમૃદ્ધિ વધે તેવા પ્રયાસો માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શ્રીમતી અપૂર્વા શ્રીવાસ્તવને શુભેચ્છાઓ પાઠવતાં અનુરોધ કર્યો હતો. આગામી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાઈ રહેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં સ્લોવાકિયાનું હાઈલેવલ બિઝનેસ ડેલીગેશન પણ જોડાય તે માટે તેમના સહયોગની અપેક્ષા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કરી હતી. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, ૨૦૧૯ના વર્ષથી શ્રીમતી અપૂર્વા શ્રીવાસ્તવ ટોરેન્ટોમાં ભારતના કોન્સ્યુલ જનરલના પદ પર સેવાઓ આપતા રહ્યા છે. હવે તેમની નિયુક્તિ સ્લોવાકિયામાં ભારતીય રાજદુત તરીકે થઈ છે. એટલું જ નહીં, તેમની બે દાયકાની રાજદ્વારી કારકિર્દીમાં તેમણે પેરિસ અને કાઠમંડુમાં પણ ભારતીય દુતાવાસમાં સેવાઓ આપેલી છે. આ સૌજન્ય મુલાકાતમાં મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવશ્રી રાજકુમાર, અને ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી એસ. જે. હૈદર પણ જોડાયા હતા.



### 3, ૧૦ અને ૧૭ ઓગસ્ટની

## પોરબંદર-કોચુવેલી ટ્રેન એર્નાકુલમ જંક્શન સ્ટેશન સુધી જશે

। અમદાવાદ, તા.૨૭ ।

દક્ષિણ રેલ્વેના કોચુવેલી રેલ્વે સ્ટેશન યાર્ડ ખાતે પીટ લાઈનની જાળવણી અને સમારકામ માટે લેવામાં આવેલા બ્લોકને કારણે ટ્રેન નંબર ૨૦૯૧૦ પોરબંદર - કોચુવેલી એક્સપ્રેસ ૦૩.૦૮.૨૦૨૩, ૧૦.૦૮.૨૦૨૩ અને ૧૭.૦૮.૨૦૨૩ ના રોજ શરૂ થનારી એર્નાકુલમ જંક્શન સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. એટલે કે ઉપરોક્ત દિવસોમાં ચાલતી ટ્રેન પોરબંદરથી એર્નાકુલમ જંક્શન સ્ટેશન સુધી દોડશે અને કોચુવેલી સ્ટેશને જશે નહીં. આમ આ ટ્રેન એર્નાકુલમ અને કોચુવેલી વચ્ચે આંશિક રીતે રદ રહેશે. આ કારણોસર ટ્રેન નંબર ૨૦૯૦૯ કોચુવેલી - પોરબંદર એક્સપ્રેસ ૦૬.૦૮.૨૦૨૩, ૧૩.૦૮.૨૦૨૩ અને ૨૦.૦૮.૨૦૨૩ ના રોજ શરૂ થતી કોચુવેલી સ્ટેશનને બદલે એર્નાકુલમ જંક્શન સ્ટેશનથી ઉપડશે અને કોચુવેલી - એર્નાકુલમ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

## આગામી તહેવારો અને ઉત્સવો નિમિત્તે હથિયારબંધી અંગેનુ જાહેરનામું

। નડિયાદ, તા.૨૭ ।

આગામી તા.૨૯/૦૭/૨૦૨૩ના રોજ મુસ્લીમ સમુદાયના મહોરમ તહેવાર અને તા.૦૧/૦૮/૨૦૨૩ના રોજ શ્રાવણસુદ પુનમ અનુસંધાને ડાકોરશ્રી રણછોડરાયજી મંદિર, વડતાલશ્રી સ્વામીનારાયણ મંદિર અને નડિયાદ શ્રી સંતરામ મંદિર ખાતે ધાર્મિક લોકમેળા અને તા.૧૫/૦૮/૨૦૨૩ ના રોજ સ્વાતંત્ર દિન ઉજવણી બંદોબસ્ત દરમ્યાન કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના આગોતરાં પગલાં રૂપે હથિયારબંધીનુ જાહેરનામું બહાર પાડવામાં આવે છે. આથી શ્રી બી.એસ.પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ખેડા જિલ્લો, નડિયાદ, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી તેઓને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં તા.૨૬/૦૭/૨૦૨૩ થી તા.૨૫/૦૮/૨૦૨૩ સુધી હથીયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ, લાકડાની હોકી અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું; કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું; મનુષ્ય અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું; અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું; જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો પ્રતિકો કે પ્લે કાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું, રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું મનાઈ ફરમાવે છે.

### જીએસ મલિકને અમદાવાદના નવા CP બનાવાયા

## રાજ્યના ૭૦ સિનિયર IPS અધિકારીઓની બદલી કરાઈ

### ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આઈપીએસ અધિકારીઓની બદલીના ઓર્ડર પર મોહર લગાવી છે

। ગાંધીનગર, તા.૨૭ ।

ગુજરાતમાં ફરી એકવાર બદલીઓનું ભૂત ધ્રૂણ્યું છે. જેમાં એક ઝાટકે 70 IPS અધિકારીઓની બદલી કરવામાં આવી છે. ઘણા સમયથી રાજ્યમાં આઈપીએસ અધિકારીઓની બદલીને લઈને અટકળો ચાલતી હતી. આખરે આ બદલીનો ઓર્ડર આવી ગયો છે. આ સાથે રેન્જ આઈજીની પણ બદલી કરવામાં આવી છે. હવે અમદાવાદને ફૂલ ટાઈમ પોલીસ કમિશનર મળ્યા છે. અમદાવાદ શહેરના પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ નિવૃત થયા બાદ પ્રેમવીર સિંહ પાસે અમદાવાદ કમિશનરનો ચાર્જ છે. ત્યારે હવે અમદાવાદ શહેરને નવા કમિશનર મળ્યા છે. જ્ઞાનેન્દ્રસિંહ મલિકને અમદાવાદના પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા છે. જ્યારે પ્રેમ વીર સિંહને અમદાવાદ રેન્જ આઈજી બનાવામાં આવ્યા છે. નિલેશ જાંઝળીયાને જુનાગઢ રેન્જ આઈજી બનાવામાં આવ્યા છે. આ ઉપરાંત ડેપ્યુટેશન પર ગયેલા અધિકારીઓની પણ બદલી કરવામાં આવી છે. ગુરૂવારે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે IPS અધિકારીઓની બદલીના ઓર્ડર પર મોહર લગાવી છે.

### ઉત્સાહભેર ઉજવાતો ઉત્સવ શોકમાં ફેરવાયો

## વડોદરામાં દશામાનું વિસર્જન કરતા ૫ યુવકો નદીમાં તણાયા

### યુવકનો મૃતદેહ મળતા પરિવાર સહિત ગામમાં શોકનો માહોલ છવાયો છે, જ્યારે અન્ય બે યુવકોની હજુ પણ શોધખોળ ચાલી રહી છે

। વડોદરા, તા.૨૭ ।


વડોદરાની મહીસાગર નદીમાં દશામાની મૂર્તિનું વિસર્જન કરવા ગયેલા ૫ યુવકો ડૂબી જતા ૨ યુવકોના મોત નિપજ્યાં છે. જ્યારે ત્રણ યુવકોની શોધખોળ ચાલી રહી રહી છે. હાલ ફાયર વિભાગની ટીમ દ્વારા નદીમાં યુવકોની શોધખોળ કરવામાં આવી રહી છે. આ દુર્ઘટનાને પગલે ઉત્સાહભેર ઉજવાતો ઉત્સવ શોકમાં ફેરવાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, શહેરના કિશનવાડી વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષીય પ્રજ્ઞેશ માછી પરિવાર અને મિત્ર સાગર કુરી સાથે આજે સવારે સિંધરોટ મહીસાગર નદી ઉપરના ચેકડેમ પાસે દશામાની મૂર્તિનું વિસર્જન કરવા માટે ગયા હતા. ચેકડેમ પાસે તેઓ મૂર્તિનું વિર્સજન કરવા જતાં જ મહીસાગર નદીના પાણીના ધસમસતા પ્રવાહમાં તણાઈ ગયા હતા. જેમને બચાવવા માટે તેમના મિત્ર સાગરભાઈ પણ પાણીમાં કૂદતા તેઓ પણ પાણીમાં તણાયા હતા.

## અમદાવાદ મંડળ પર રનિંગ સ્ટાફના પરિવારજનો સાથે સેફ્ટી સેમિનારનું આયોજન

। અમદાવાદ, તા.૨૭ ।

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળના વટવા ખાતે રનિંગ રૂમમાં રનિંગ સ્ટાફના પરિવારજનો સાથે સેફ્ટી ફેમિલી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. મંડળ રેલ્વે પ્રવક્તા, અમદાવાદએ માહિતી આપતાં, જણાવ્યું હતું કે રેલ્વેની કામગીરીમાં લોકો પાઈલટ મહત્વની ભૂમિકા ભજવે છે અને તેનો પરિવાર બેવડી ભૂમિકા ભજવે છે. લોકો પાઈલટની સાવચેતી અને સાવચેતીભરી કામગીરીને કારણે ટ્રેનમાં હજારો મુસાફરો નિશ્ચિંતપણે આરામ કરે છે અને શાંતિથી ઊંઘે છે.



અમદાવાદ મંડળ માં ટ્રેક ડબલિંગ અને ઈલેક્ટ્રિફિકેશનનું કામ ચાલી રહ્યું છે અને ટ્રેનોની સ્પીડમાં વધારો થયો છે, જેના કારણે રેલવેની સાથે લોકો પાયલોટની જવાબદારી પણ વધી ગઈ છે. ટ્રેન ચલાવતી વખતે એકાગ્રતા જાળવવાની સાથે લોકો પાયલોટ અને આસિસ્ટન્ટ લોકો પાયલોટ માટે તણાવમુક્ત રહેવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. રનિંગ સ્ટાફ ના ટેન્શનને કારણે એકાગ્રતામાં ખલેલ પડવાને કારણે ટ્રેન અકસ્માત અને SPAD (સિગ્નલ પાસિંગ એટ ડેન્જર) થવાની પ્રબળ સંભાવના છે. તેના નિવારણમાં રનિંગ ફેમિલી નું મહત્વપૂર્ણ યોગદાન રહે છે.

આ સેફ્ટી ફેમિલી સેમિનાર દ્વારા રનિંગ સ્ટાફના ઘરમાં સુખદ, તણાવમુક્ત વાતાવરણ ઉભું કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને SPAD અટકાવવા માટેના ઉપાયો અને ફરજ પર હોય ત્યારે રસ સાથે કામ કરવાની સલાહ આપવામાં આવી હતી. સલામતી સેમિનાર બાદ વટવા રનિંગ રૂમ પરિસરમાં રનિંગ સ્ટાફના પરિવારના સભ્યો, કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨